સુવિચાર
વિનય એ ઉત્તમ વશીકરણ છે તેથી ગુરૂનો, વિદ્વાનનો, માતા-પિતાનો અને પોતાનાથી મોટાનો વિનય કરવો એમાં જ આપણું હિત રહેલું છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૩/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૦૬૯

## કેન્દ્રીય મંત્રી અને કદાવર નેતા પુરૂષોત્તમભાઈ રૂપાલા રાજકોટનાં ઉમેદવાર જાહેર થતાં

# અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં અન્ય દાવેદારો ઉત્સાહમાં

### જયાં સુધી કદાવર નેતાનું નામ ચર્ચામાં હોય ત્યાં સુધી અન્ય દાવેદારોને આત્મવિશ્વાસ ડગી જતો હતો

### મુકેશ સંઘાણી, કૌશિક વેકરિયા, હિરેન હિરપરા, ગોપાલ વસ્તરપરા સહિત સૌ કોઈમાં ખૂશીનો માહોલ

### અમરેલી બેઠકનાં ઉમેદવારને લઈને આગામી દિવસોમાં અનેકવિધ અટકળો થતી રહેશે

### અમરેલી બેઠક ઉપર યુવા અથવા મહિલા ઉમેદવારની પસંદગીની શકયતા વધી



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાનાં કદાવર ભાજપી નેતા અને કેન્દ્રીય મંત્રી રૂપાલાને ભાજપ હાઈકમાન્ડે રાજકોટનાં ઉમેદવાર જાહેર કરતાં અમરેલી બેઠકનાં ભાજપનાં અન્ય દાવેદારોમાં ઉત્સાહનો માહોલ છવાયો છે.

અમરેલી લોકસભા બેઠક ઉપર છેલ્લા થોડા દિવસોથી કદાવર નેતા રૂપાલાનું નામ ચર્ચામાં અન્ય યુવા અને

અનુસંધાન પાના ૬ ઉપર








## કલેકટર અને જીપીસીબીના નિયામકનાં અધ્યક્ષ સ્થાને

# રાજુલા ખાતે યોજાયેલ સીઆરઝેડએમની લોક સુનાવણી વિવિધ કારણોસર મોકુફ

### આગામી દિવસોમાં પુનઃલોક સુનાવણી યોજાશે



રાજુલા, તા. ૨

રાજુલા ખાતે રાજુલા જાફરાબાદ દરીયાઈ કોસ્ટલ એરિયા માટે યોજાયેલી સી આર.ઝેડ.એમ.પી ની લોક સુનવણીમાં હાજર લોકો દ્વારાઆ લોક સુનવણી પર્યાવરણીય કાયદા અને નામદાર કોર્ટના હુકમો મુજબ થતી નહીં હોવાની ફરીયાદો થતા આ સુનાવણી રદ કરવામાં આવે તેવી રજૂઆત કરતા તેમજ નકશાઓ જે બનાવેલા છે તે અંગ્રેજીમાં હોય તેમજ આ નકશાઓ સ્થાનિક લેવલે ગ્રામ પંચાયતને પહોંચાડેલા ન હોય અને નકશાઓમાં ખૂબ જ પ્રમાણમાં ક્ષતિ હોવાને કારણે નકશાઓ સમજાય શકે તેવા ન હોય તેમ જ આ નકશાઓ બનાવનાર એજન્સી પ્રેઝન્ટેશન કરવાની બદલે બીજી જ એજન્સી પ્રેઝન્ટેશન કરતી હોય જેથી તેમાં વિસંગતતા હોય જેથી આ લોક સુનાવણી રદ કરીને ફરીવાર નકશાઓ ગુજરાતી ભાષામાં કરવામાં આવે અને દરેક ગ્રામ પંચાયતોમાં આ નકશાઓ તેમજ નોટિફિકેશન અને સમરી રિપોર્ટ પહોંચાડવામાં આવે અને બહુ પ્રસિદ્ધિ કરવામાં આવે ત્યારબાદ લોક સુનાવણી યોજવામાં આવે તેવી રજૂઆતો ઉગ્ર રૂપે કરવામાં આવતા.

આ લોક સુનાણીના અધ્યક્ષ અને અમરેલી જિલ્લા કલેકટર દ્વારા કાયદાને સુસંગત રહીને લોકોના હિતમાં આજની લોક સુનાવણી બંધ

અનુસંધાન પાના ૬ ઉપર

## પોલીસ અધિક્ષકની સુચનાથી ૬૦૦ વ્યકિતઓનાં ઈન્ટ્રોગેશન બાદ મુખ્ય એક આરોપી ઝડપાયો

# અમરેલી-સાવરકુંડલા માર્ગ ઉપર આવેલ આશ્રમનાં સાધ્વી ઉપર અત્યાચાર કરનાર શખ્સને દબોચી લેવાયો

### આરોપી ચરખડીયા ગામનો હોવાનું જણાવાયું, નામ જાહેર ન કરાયું




અમરેલી, તા. ૨

અમરેલી-સાવરકુંડલા માર્ગ ઉપર આવેલ એક આશ્રમના સાધ્વી પર દોઢેક મહિના પહેલા મોઢે બુકાની બાંધીને આવેલા નરાધમે છરીને અણીએ ધાકધમકીઓ આપીને અત્યાચાર ગુજાર્યાની ચોંકાવનારી ઘટના બાદ જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા ગંભીરતા લઈને આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યાને દોઢેક મહિના બાદ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી આરોપીને ઝડપી પાડી એસપી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

સાવરકુંડલાના અમરેલીના માર્ગ પર આવેલ એક આશ્રમમાં રહેતા સાધ્વી પર ગત ૨૦ જાન્યુઆરીના રોજ મોડી રાત્રીના એક નરાધમ શખ્શે આશ્રમમાં પ્રવેશ કરી અને બાદ એક ઓરડામાં સૂતેલા સાધ્વીને છરીની અણીએ ધાક ધમકીઓ આપીને શરીરે અડપલા કરી અત્યાચાર ગુજારીને ભાગી ગયેલા હતો. આરોપીની

અનુસંધાન પાના ૬ ઉપર

## ભાજપનાં હોદ્દાર દ્વારા જ ભાજપનાં પદાધિકારી દ્વારા થયેલ ભ્રષ્ટાચાર ખુલ્લો પડયો

# સાવરકુંડલા પાલિકાનાં પૂર્વ પ્રમુખ અને ચીફ ઓફિસરની મિલીભગતથી રૂપિયા પાંચ કરોડનો ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

### ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુકત શાસનની ગુલબાંગો વચ્ચે ભ્રષ્ટાચારનો પર્દાફાશ થતાં ચકચાર

(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ મહિલા પ્રમુખ અને ચીફ ઓફિસરની મીલીભગતથી

અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.................................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
55,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૨/03/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

Aikyam
ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
▪ શું આપને ઉદાસી રહે છે ? ▪ રડવું આવે છે ?
▪ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

# ખાંભાના જામકા મુકામે નવનિર્મિત જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)નો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો






તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા

સમગ્ર દેશમાં શિક્ષણ ક્ષેત્રે હકારાત્મક પરિવર્તન લાવવા ભારત સરકાર પ્રયત્નશીલ છે, સમગ્ર દેશમાં નવી શિક્ષા નીતિનું અમલીકરણ થઈ રહ્યું છે. કેન્દ્રીય મત્સ્યપાલન અને પશુપાલન મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના જામકા મુકામે નવનિર્મિત જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જામકા મુકામે રૂા. ૮૫ લાખના ખર્ચે જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)ના અદ્યતન સુવિધાસભર ભવનનું નિર્માણ થયું છે. શાળાના આ નવનિર્મિત ભવનમાં સાયન્સ લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, ડિજટલ શિક્ષા માટે સ્માર્ટ કલાસ સહિતની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને સ્માર્ટ કલાસરૂમ થકી ડિજિટલ શિક્ષા પણ પ્રાપ્ત થાય તેવા ઉમદા પ્રયત્નો ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પીએમ શ્રી સ્ટેટસ ધરાવતી શાળાઓમાં બાળકોને સ્માર્ટ કલાસરૂમની સુવિધા સાથે ઉત્કૃષ્ટ ડિજિટલ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ખાંભા તાલુકાના જામકા મુકામે નવનિર્મિત જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)ના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યુ કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ અમલી બનાવવામાં આવી છે. આ નવી શિક્ષા નીતિ આપણા નવા ભારતના નિર્માણમાં મહત્વનું યોગદાન આપશે, નવી નીતિમાં માતૃભાષામાં શિક્ષણ આપવાની હિમાયત કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી રૂપાલાએ ગુજરાત સરકારને શાળાના અભ્યાસક્રમમાં શ્રીમદ્‌ ભાગવત (ગીતા જ્ઞાન)નો સમાવેશ કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે ગીતાજ્ઞાન પણ મળી રહે તે ઉમદા બાબત છે. કેન્દ્રીય મંત્રીએ સાંસદ ખેલ અને સાંસદ કલા સ્પર્ધાઓ વિશે વિગતો જણાવી હતી. જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)ના નવા બિલ્ડિંગના ઉદ્ઘાટન પ્રસંગે શાળાના શિક્ષકો, ગ્રામજનોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજુલા–જાફરાબાદ ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. ખાંભા તાલુકાના જામકા મુકામે નવનિર્મિત જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)ના ઉદ્ઘાટન પ્રસંગે સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરી ચેરમેન અનિભાઈ સાવલિયા, જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યો, જામકા ગ્રામ પંચાયત સરપંચ, સભ્યો, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી, જામકા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી, શાળાના આચાર્ય અને શિક્ષકો, બહોળી સંખ્યામાં ગ્રામજનો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### એચ.બી. સંઘવી મહિલા આર્ટસ કોલેજ દ્વારા

# રાજુલામાં પગથારની પેલેપાર શીર્ષક અંતર્ગત ૨૪મો વાર્ષિકોત્સવ યોજાયો

### સ્પર્ધામાં સિધ્ધિ મેળવનારને પ્રોત્સાહિત કરાયા

રાજુલા તા.૨

રાજુલા એજયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ તથા વિ.એચ.મહેતા કન્યા છાત્રાલય રાજુલાના સંયુક્ત ઉપક્રમે પગથારની પેલેપાર શીર્ષક અંતર્ગત ૨૪મો વાર્ષિક મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઊજવણી કરવામાં આવેલ. જેમાં ટ્રસ્ટી, અતિથિની વિશેષ ઉપસ્થિતિ રહેલ. સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. જીજ્ઞેશભાઈ વાજા તથા સીઆરસી કોઓર્ડિનેટર, નગરપાલિકા પૂર્વ પ્રમુખ, રમેશભાઈ કાતરિયા, શશીભાઈ રાજયગુઢ કવિહેમાળવી તથા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મનીષભાઈ વાળા તથા જી.એમ.બી. પોલીટેકનિકના આચાર્ય ધર્મેશભાઈ ખખ્ખર તથા દેવકા વિદ્યાપીઠના આચાર્ય નીલેશભાઈ, મીતાબેન ડાભી, ટી.જે. એસ. હાઈસ્કૂલ આચાર્ય વાઘ સાહેબ, સુપરવાઈઝર અશોકભાઈ મહેતા, ધારેર પ્રાથમિક શાળા આચાર્યા હિરલબેન ઠાકર, કારોબારી સભ્ય ગિરધરભાઈ ઉનાગર, નગરપાલિકા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન વિમળાબેન ઉનાગર તથા જાણીતા લેખિકા વૃંદાબેન મહેતા, ઓમ ઈન્ટરનેશનલ વિદ્યા સંકુલ કુંભારિયા




આચાર્ય ભાવેશભાઈ કલસરીયા,તેમજ તમામ પત્રકારો તથા નગર શ્રેષ્ઠી સર્વેની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય બાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ રંગારંગ કાર્યક્રમ યોજાયો. ગીત, ગરબા, લોકનૃત્ય, નાટક, માઈમ, પિરામિડના તાલે પ્રેક્ષકો તલ્લીન થઈ ગયા હતા. વાલીઓએ બહેનોને પુરસ્કૃત કર્યા હતા.

વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં સિદ્ધિ મેળવનારને મહેમાનના વરદ હસ્તે શીલ્ડ–પ્રમાણપત્ર આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર કાલેજ તથા છાત્રાલયના નામ જાહેર કરી રનિંગ શીલ્ડ એનાયત કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન જગડા નંદિનીબેન કેતનકુમારે વિશિષ્ટ શૈલીમાં કર્યુ હતું. કાર્યક્રમની જહેમત અપ્રયાપક તથા એન.એસ.એસના બહેનોએ ઉઠાવી હતી. આભારદર્શન પ્રા. ડૉ. સોનલબેન ઝાપડિયાએ કરેલ.

### અમરેલીનાં વતની હવે સૌરાષ્ટ્રનાં પાટનગરનું દેશનાં પાટનગરમાં પ્રતિનિધિત્વ કરશે

# અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય અને કેન્દ્રીય મંત્રી રૂપાલાને રાજકોટ ખાતે લોકસભાનાં ઉમેદવાર જાહેર કરાયા

### અનેક અટકળોનાં અંતે ભાજપે કદાવર નેતાની રાજકોટ માટે કરી પસંદગી

અમરેલી, તા. ૨

અમરેલીનાં પૂર્વધારાસભ્ય અને કેન્દ્રનાં વર્તમાન કેબિનેટ મંત્રી પરશોતમભાઈ રૂપાલાનેભાજપ ધ્વારા સૌરાષ્ટ્રનાં પાટનગર રાજકોટ ખાતે લોકસભાનાં ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવેલ છે અને રાજકોટ બેઠક ભાજપનો ગઢ હોવાથી તેઓ ચોકકસ વિજેતા થઈને સૌરાષ્ટ્રનાં પાટનગરનું દેશનાં પાટનગરમાં પ્રતિનિધિત્વ કરશે તેમાં કોઈ શંકા નથી.

પરશોતમભાઈ રૂપાલા છેલ્લા ૩૫ વર્ષથી ભાજપમાં સક્રીય છે. અમરેલીનાં ધારાસભ્ય તરીકે તેઓ વર્ષ ૧૯૯૧, ૧૯૯૫ અને ૧૯૯૮માં વિજેતા થયા બાદ તેઓનો ૨૦૦૨ માં કોંગ્રેસનાં યુવા ધારાસભ્ય પરેશ ધાનાણી સાથે પરાજય થયા બાદ તેઓ કોઈ ચૂંટણી લડયા નથી અને સતત દોઢ દાયકાથી રાજયસભાનાં સાંસદ અને વર્તમાનમાં કેબિનેટ મંત્રી તરીકે કામગીરી કરી રહ્યા છે.

ભાજપનાં પ્રદેશ પ્રમુખ, રાષ્ટ્રીયઉપાધ્યક્ષ સહિતની જવાબદારી તેઓ નિભાવી ચુકયા છે. સ્પષ્ટ અને પ્રખર વકતા હોય તેઓને સાંભળવા એ પણ અનેરો લ્હાવો છે.

અમરેલીનાં રાજકીય અગ્રણીની રાજકોટ જેવા મહાનગરનાં પ્રતિનિધિત્વ માટે પસંદગી થતાં જિલ્લા ભાજપનાં કાર્યકરો અને આગેવાનોમાં ખૂશીનો માહોલ છવાયો છે.

### કેન્દ્રીય મંત્રી રૂપાલાને રાજકોટ ટિકિટ મળતા

# અમરેલીનાં ઈશ્વરીયામાં લાપસીના આંધણ મુકાયા



અમરેલી, તા. ૨

આગામી લોકસભાની ચૂંટણી માટે આજે ભાજપ દ્વારા ગુજરાતની ૨૬ બેઠક પૈકી ૧૫ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવતાં કેન્દ્રિય મંત્રી પરશોત્તમ રૂપાલાનું નામ રાજકોટ બેઠક ઉપરથી જાહેર થતાં પુઢષોત્તમ રૂપાલાના માદરે વતન અમરેલી તાલુકાના ઈરીયા ગામે ફટાકડા ફોડી તથા કાર્યકર્તાઓએ મો મીઠા કરાવી ઉજવણી કરવામાં હતી.

### વ્હેલી સવારે આકાશમાં વાદળો છવાયા

# અમરેલીમાં એક જ દિવસમાં ૩–૩ મોસમનો સૌને અનુભવ

### બપોરે ગરમી અને સાંજે ઠંડકનો અનુભવ

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીના પગલે આજે સવારથી અચાનક વાતાવરણમાં પલટો આવી જવા પામેલ છે અને આકાશમાં વાદળો છવાય જતાં વાદળિયું વાતાવરણ સર્જાયું છે. ત્યારે કમોસમી વરસાદ પડવાની શકયતાઓ વચ્ચે જિલ્લાના માર્કેટયાર્ડમાં પણ ખેડૂતોને ખેત ઉત્પન્ન વસ્તુઓની ખાસ કાળજી રાખવા સત્તાધીશો દ્વારા અપીલ કરાય છે.

અમરેલી જિલ્લો ખેતી ઉપર નભતો જિલ્લો છે. હાલમાં હીરા ઉદ્યોગમાં પણ મંદી હોય જિલ્લાના લોકો ખેતી ઉપર નિર્ભર છે. ત્યારે અમરેલી જિલ્લાના ખેડૂતો પણ કુદરત સામે બાથ ભીડીને પણ ખેતી કરે છે. અગાઉ વાવાઝોડા, કમોસમી વરસાદનો માર, વરસાદની અછત, પુર હોનારત જેવી કુદરતી આફત ઉપરાંત પાકમાં રોગચાળા જેવી મુશ્કેલી સામે જગતાત ઝઝૂમે છે.

ત્યારે હવામાન વિભાગ દ્વારા મહા માસમાં પણ કમોસમી વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે સવારથી અચાનક વાતાવરણમાં પલટો આવી જવા પામેલ છે અને આકાશમાં વાદળો છવાય જતાં વાદળિયું વાતાવરણ સર્જાયું છે. ત્યારે કમોસમી વરસાદ પડવાની શકયતાઓ વચ્ચે જિલ્લાના માર્કેટયાર્ડમાં પણ ખેડૂતોને ખેત ઉત્પન્ન વસ્તુઓની ખાસ કાળજી રાખવા સત્તાધીશો દ્વારા અપીલ કરાય છે.

# જૈન ધર્મમાં મુનિ અને સાધ્વીઓ કડક અને શિસ્તબધ્ધ જીવન જીવે છે, તે દીક્ષા લીધા પછી કયારેય ન્હાતા નથી તેમ છતાં હંમેશા ફ્રેશ અને સાફ કેવી રીતે લાગે છે






**(પ્રતાપ ખુમાણ–સાવરકુંડલા દ્વારા)**

જૈન ધર્મમાં બે પ્રકારના પંથ હોય છે– ેતાંબર અને દિગંબર. બંને પંથોના સાધુ અને સાધ્પ્રવીઓ દીક્ષા લીધા પછી કઠોર જીવન જીવે છે. તે સાચા અર્થમાં મર્યાદિત અને શિસ્તબદ્ધ જીવન જીવે છે, જેમાં કોઈપણ પ્રકારના ભૌતિક અને સુવિધાપૂર્ણ સંસાધનોનો ઉપયોગ નથી કરતાં. ેતાંબર સાધુ અને સાધ્વીઓ શરીર પર ફકત એક પાતળ ું સુતરાઉ કાપડ ધારણ કરે છે. દિગંબર સાધુ તો કપડાં પણ નથી પહેરતા પરંતુ જૈન ધર્મની સાધ્વીઓ જરૂર એક સફેદ કાપડ સાડીના રૂપે ધારણ કરે છે. કડકડતી ઠંડીમાં પણ તેઓ ફકત આ પ્રકારના જ કપડાં પહેરે છે. દિગંબર સાધુ તો કડકડતી ઠંડીમાં પણ કોઈ કપડાં નથી પહેરતાં. હાં, ેતાંબર સાધુ અને સાધ્વીઓ પોતાની સાથે રહેતી ૧૪ વસ્તુમાંથી એક કામળી પણ રાખે છે, જે ખૂબ જ પાતળી હોય છે, તેને ફકત સુતા સમયે જ ઓઢે છે. આ તમામ સાધુ અને સાધ્વીઓ ભલે ગમે તે સિઝન હોય, જમીન પર જ સુવે છે. આ જમીન ખુલ્લી અથવા લાકડાવાળી પણ હોય શકે છે. તે ચટાઈ પર પણ સુઈ શકે છે. સુવા માટે તે સુકા ઘાસનો પણ ઉપયોગ કરી શકે છે. જોકે, આ સાધુ અને સાધ્વીઓની ઉંઘ ખૂબ જ ઓછી હોય છે. તમને આ વાત જાણીને નવાઈ લાગશે, પરંતુ આ સત્ય છે કે દીક્ષા લીધા પછી જૈન સાધુ અને સાધ્વીઓ કયારેય ન્હાતા નથી. માનવામાં આવે છે કે તેમના સ્નાન કરવા પર સૂક્ષ્મ જીવોનું જીવન જોખમમાં મુકાઈ જશે. આ જ કારણથી તેઓ ન્હાતા નથી અને મોઢા પર હંમેશા કપડું લગાવીને રાખે છે, જેથી કોઈ સૂક્ષ્મ જીવ મોઢાના રસ્તે શરીરમાં પ્રવેશ ન કરે. કહેવામાં આવે છે કે, સ્નાન મુખ્ય રીતે બે પ્રકારનું હોય છે–બાહ્ય અને આંતરિક. સામાન્ય લોકો પાણીથી ન્હાય છે પરંતુ જૈન સાધુ અને સાધ્વીઓ આંતરિક સ્નાન એટલે મન અને વિચારોની શુદ્ધિની સાથે ધ્યાનમાં બેસીને આંતરિક સ્નાન કરે છે. તેમના સ્નાનનો અર્થ હોય છે ભાવોની શુદ્ધિ. આખું જીવન તેઓ તેનું પાલન કરે છે. જી હાં, સાધુ અને સાધ્વી થોડા દિવસોના અંતરે ભીનું કપડું લઈને પોતાના શરીરને સાફ કરી શકે છે. તેનાથી તેઓનું શરીર એકદમ ફ્રેશ અને શુદ્ધ રહે છે. જૈન ભિક્ષુ તમામ પ્રકારના ભૌતિક સંસાધનોનો ત્યાગ કરી દે છે અને ખૂબ જ સાદગી સાથે આખું જીવન પસાર કરે છે. ત્યાં સુધી કે, વિદેશોમાં રહેતા જૈન સાધુ અને સાધ્વીઓ પણ આ પ્રકારના અઘરૂં જીવન જીવે છે. રહેવાનો આશ્રય અને જમવાનું જૈન સમુદાય પુરૂ પાડે છે અથવા તેઓ જૈન ધર્મ સાથે જોડાયેલા મંદિરોની સાથે રાખવામાં આવેલા મઠોમાં રહે છે.

### ૮ વર્ષ બાદ પ્રશ્નનો નિકાલ થયો

# સાવરકુંડલા : ભુવા-ધાર ગામનાં નોન પ્લાન માર્ગનું કરાયું ભૂમિપૂજન

### ધારાસભ્ય કસવાલાની જહેમત રંગ લાવી

સાવરકુંડલા, તા. ૨

સરકારમાંથી જોબ નંબર આવી ગયા બાદ અટકી પડેલા કામોની અગ્રતા અને વિકાસની હરણફાળ ભરવામાં હંમેશા અગ્રેસર રહેનાર કરમિષ્ઠ ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા ૬ કરોડ ૨૦ લાખના ખર્ચે ૮ કિલોમીટર ના રોડનું ભૂમિપૂજન સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય કસવાળાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી સાવરકુંડલાના ભુવા-ધાર ગામનો નોન પ્લાન રોડ મંજૂર થઈ ગયા બાદ અમુક વિધનસંતોષીઓ દ્વારા કરવામાં હવનમાં હાડકા નાખ્યા હતા ત્યારે વિકાસનો એકમાત્ર લક્ષ સાથે સાવરકુંડલા લીલીયા વિધાનસભા મતક્ષેત્રમાં



પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા એ ખોંરભે ચડેલ ૬ કરોડ ૨૦ લાખનો માર્ગ સુંદર અને રળિયામણા સાથે આજુબાજુના ૧૦ ગામડાઓ માટે આર્શીવાદ રૂપ માર્ગ બને તે માટે આજે ૮ કિલોમીટરના માર્ગ નું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું જેમાં તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, જીલ્લા પંચાયત સદસ્ય અને લોકસભાના સંયોજક પુનાભાઈ ગજેરા, સાવરકુંડલા એપીએમસીના ચેરમેન દિપકભાઈ માલાણી, રાણાભાઈ રાદડીયા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા,લલીતભાઈ બાળ ઘા, મહેશભાઈ ભાલાળા વિપુલભાઈ શિંગાળા, ચેતનભાઈ માલાણી, અતુલભાઈ રાદડીયા અને જયેશભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ભુવા-ધાર ગામનો ૮ કિલોમીટરનો માર્ગ ૬ કરોડ ૨૦ લાખના ખર્ચે બનશે ત્યારે ભુવા, ખડકાળા, પિયાવા, ધાર, બોરાળા, નાના ભામોદ્રા સહિતના ગામડાઓને ફાયદો થશે તેમ સત્વ અટલધારા ના ઈન્ચાર્જ જે.પી.હીરપરા એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### જુદા-જુદા વિસ્તારમાં થયેલ ૧૧ ગુન્હાઓ ડીટેક્ટ કરતી ક્રાઈમ બ્રાન્ચ

# અમરેલીનાં જાળીયા ગામનાં સોની વેપારીને માર મારી લૂંટ ચલાવનાર પરપ્રાંતિય ગેંગને દબોચી લેવાઈ

### કમીગઢ-ઢોલરવા ગામની સીમમાંથી લૂંટારૂ ગેંગ ઝડપાઈ

અમરેલી, તા. ૨

અમરેલીના ચકકરગઢ રોડ ઉપર રહેતા રોહીતભાઈ સતિષભાઈ ધાણક ગત તા. ૨૯ના રોજ પોતાની જાળીયા ગામે આવેલ શ્રીનાથજી જવેલર્સ નામની પોતાની દુકાન બંધ કરી જાળીયા ગામેથી અમરેલી તરફ પોતાનું મોટર સાયકલ લઈ આવતા હોય તે દરમિયાન રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે જાળીયા ગામની બહાર, પેટ્રોલ પંપની આગળ વળાંકમાં પહોંચતા ચાર અજાણ્યા માણસોએ આ રોહીતભાઈના મોટર સાયકલ આગળ આવી પાઈપ વડે રોહીતભાઈને માર મારી, તેની પાસે રહેલ કીટમાંથી ચાંદીની ગણપતિની મુર્તિ કિંમત રૂા. ૧૦૦૦ તથા રોકડા રૂા. ૨૦૦૦ મળી કુલ રૂા. ૩૦૦૦ ના મત્તાની લુંટ કરી રોહીતભાઈને દોરડાથી બાંધી, બાવળની કાંટમાં નાખી દઈ નાશી જઈ ગુનો કરેલ હોય. જે અંગે રોહીતભાઈએ ચાર અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ હતી.

અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલ્કત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણ શોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા અનડીટેકટ લુંટના બનાવના અજાણ્યા આરોપીઓ અંગે સઘન



તપાસ કરવામાં આવેલ તેમજ આરોપીઓના વર્ણન અંગે માહિતી મેળવી, આવા વર્ણનવાળા ઈસમો અંગે અમરેલી તાલુકા વિસ્તારમાં અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી હકિકત આધારે કમીગઢ -ઢોલરવા ગામની સીમમાંથી વર્ણન વાળા આરોપી જગદીશ માનસિંહ ડાવર, (મુળ મધ્યપ્રદેશ) હાલ રહે. બાંભણીયા (તા. વડીયા), રાજેશ રાયસિંહ દેહદિયા, (મુળ મધ્યપ્રદેશ) હાલ રહે. નાના આંકડીયા, (તા.જિ. અમરેલી), અનીલ લીમસિંહ ડાવર (મુળ મધ્યપ્રદેશ) હાલ રહે. નાના આંકડીયા, (તા.જિ. અમરેલી) તથા સંજય બુધુભાઈ કીકરીયા, (મુળ મધ્યપ્રદેશ) હાલ રહે. કમીગઢ, (તા.જિ. અમરેલી) વાળા ચારેય ઈસમોને ગણપતિની મુર્તિ કિંમત રૂપિયા ૧૦૦૦ તથા રોકડા રૂા. ૨૦૦૦, મોટર સાયકલ નંબર જીજે-૦૩ એચબી ૫૪૬૫ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા અન્ય એક મોટર સાયકલ રજી. નંબર જીજે-૦૧ એમએલ ૫૦૨૬ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ-૩ કિંમત રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૯૮,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં તેઓએ ઉપરોકત અનડીટેકટ લુંટનો ગુન્હો તેમજ પોતાના સાગરીતો સાથે અન્ય ઘરફોડ ચોરી, વાહન ચોરી સહિતની ૧૧ ગુનાઓની કબુલાત આપેલ છે.


### કાયદો અને વ્યવસ્થા મજબુત કરવા હેઠળ

# ગીર સોમનાથ પોલીસે લીસ્ટેડ બુલેટગરની પાસા હેઠળ કરી અટકાયત

### આરોપીને સુરતની જેલ હવાલે કરાયો

અમરેલી તા. ૨

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ આગામી લોકસભા ચુંટણી અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળ વણીના ભાગરૂપે અસામાજિક પ્રવતિ આચરતા ઈસમો પર કડક કાર્યવાહીના ભાગરૂપે પાસા જેવા અટકાયતી પગલા લેવા સુચના કરેલ હોયલ જે અનુસંધાને મદદનીશ પોલીસ અધિક્ષક ઉના ડીવીઝન જીતેન્દ્ર અગ્રવાલના માર્ગદર્શન હેઠળ નવાબંદર મરીન પો.સ્ટે.ના પો.સબ. ઈન્સ.પી. જે. બાંટવા તરફથી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફત ગીર સોમનાથ જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર ડી.ડી. જાડેજાને મોકલતા જિલ્લા કલેકટર દ્વારા આવી ગેર કાયદેસર પ્રવૃતિની ગંભીરતાને ધ્યાને લઈ મહેશ ઉર્ફે મુન્નો લાખાભાઈ રાઠોડ, તા. ઉના વિઢધ્ધ તા. ૧/૦૩/૨૦૨૪ ના રોજ પાસા વોરન્ટ ઈસ્યુ કરવામાં આવેલ હોય જે પાસા



વોરન્ટ ઈસ્યુ થયા બાદ આ ઈસમને એલ.સી.બી.ના ઈ.ચા. પો.ઈન્સ. એ.બી. જાડેજાના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ.એ.બી.વોરા તેમજ ટીમના માણસો પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન પો.હેડ કોન્સ. પ્રવિણભાઈ મોરી, રાજુભાઈ ગઢીયાલ, જયરાજસિંહ ગોહીલ, પો.કોન્સ. સંદિપસિંહ ઝણકાટલ અ.એસ.આઈ. પીઠરામભાઈ જેઠવાલ, દેવીબેન રામલ, પ્રવિણભાઈ બાભણીયાનાઓએ વોચ ગોઠવી આરોપી મહેશ ઉર્ફે મુન્નો લાખાભાઈ રાઠોડને ઝડપી પાડી સુરત મધ્યસ્થ જેલમાં ધકેલી દેવામાં આવતા ગુન્હેગાર આલમમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# સાવરકુંડલા ખાતે કાલે રોજગાર-માર્ગદર્શન સેમિનાર

અમરેલી, તા. ૨

વિદેશ જવા ઈચ્છુક યુવાનોને વિદેશમાં પ્રાપ્ય રોજગાર અને ઉચ્ચ અભ્યાસની વિગતો મળી રહે તેવા ઉમદા હેતુથી રાજકોટ ખાતેના ઓવરસીઝ ગાઈડન્સ સેલના વિષય નિષ્ણાંતો દ્વારા માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં આવશે. અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા આગામી તા.૦૪ માર્ચ, ૨૦૨૪ને સોમવારના રોજ સવારે ૯ વાગ્યે સાવરકુંડલા સ્થિત વી.ડી. કાણકીયા કોલેજ ખાતે માર્ગદર્શન સેમિનાર યોજાશે. વિદેશ જવા ઈચ્છુક યુવાઓને અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા આયોજીત આ સેમિનારમાં ભાગ લેવા અમરેલી જિલ્લા રોજગાર અધિકારી દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# બાબરાનાં ભાજપના અગ્રણીની પુત્રીએ એમ.બી.બી.એસ.ની ડીગ્રી મેળવી

બાબરા, તા. ૨

અમરેલી જીલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાની દીકરી કૈંયુરીબેન બસિયા રાજકોટ માં ધોરણ ૧૨ ની પરીક્ષા આપી હતી. એ પરીક્ષા માં કૈંયુરીબેન ગુજરાતમાં ફર્સ્ટ આવ્યા હતાં. ત્યારે કાઠી સમાજ તેમજ બસિયા પરિવાર અને સમગ્ર બાબરા અને તાલુકાનું ગૌરવ વધાર્યુ હતું.

ગુજરાત ફર્સ્ટ આવતા અમદાવાદની મેડિકલ કોલેજમાં એડમિશન લીધું હતું અને એમબીબીએસનો અભ્યાસ શરૂ કર્યો હતો. તે પણ અભ્યાસ પૂર્ણ કરી



એબીબીએસ કમ્પ્લીટ કર્યુ હતું.

હવે ત્રણ ચાર વર્ષ ફરી અભ્યાસ કરી ને ગાયનેક બની લોકો ની સેવામાં જોડાશે.

# અમરેલી ખાતે બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા બાળ નાટય-નૃત્ય સ્પર્ધાનું આયોજન

અમરેલી, તા. ૨

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી અમરેલી દ્વારા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા બાળ નાટય-નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ચિતલ રોડ, અમરેલી સ્થિત દીપક હાઈસ્કૂલ ખાતે તા.૦૩ માર્ચ, ૨૦૨૪ને રવિવાર રોજ સવારે ૯ વાગ્યે વકતૃત્વ, નિબંધ, દોહા છંદ ચોપાઈ, લોકવાર્તા, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્નગીત, લોકવાધ્ય સંગીત, એકપાત્રીય અભિનય, લોકગીત, ભજન, સુગમ સંગીત, લોકનૃત્ય તથા બાળ નાટય, બાલ નૃત્ય, નાટિકા સ્પર્ધા યોજાશે. જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી અમરેલીને એન્ટ્રી મોકલવામાં આવી હોય તેવા સ્પર્ધક કલાકારોને ઉપસ્થિત રહેવા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા અખબારી યાદી મારફતે જાણ કરવામાં આવી છે. બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં એન્ટ્રી મુજબની ૧૩ કૃતિઓ યોજાશે, જેની સંબંધિતોને નોંધ લેવા અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ચેક રીટર્નનાં કેસમાં આરોપીને નીલકંઠ જવેલર્સમાંથી સોનુ લઈને નાણા આપ્યા

# અમરેલીમાં ચેક રીટર્નનાં ૨ કેસમાં આરોપીએ એક-એક વર્ષની સજા

### ફરિયાદી પક્ષે એડવોકેટ નિમીષાબેન પંડયાએ દલીલો કરી

અમરેલી, તા.૨

રાજુલાના મેઘરાજભાઈ વિનોદરાય જોષીએ અમરેલીમાં માણેકપરામાં આવેલા નિલંકઠ જવેલર્સમાંથી રૂા. ૨,૫૨,૭૮૩ તેમજ રૂા. ૨,૦૫,૦૦૦નું બાકીમાં સોનાની વસ્તુની ખરીદી કરેલ, જે અંગે મેઘરાજભાઈ વિનોદરાય જોષીએ નિલંકઠ જવેલર્સનાં પાર્ટનર કેતનભાઈ ધોળકિયાને રૂા. ૨,૫૨,૭૮૩, તેમજ રૂા. ૨,૦૫,૦૦૦ના એમ બે જુદા જુદા ચેક આપેલ, જે બન્ને ચેક બેંકમાં વટાવવા નાખતા સદરહૂ બન્ને ચેક આરોપીનાં ખાતામાં પુરતુ ભંડોળ ન



હોવાના કારણે પરત ફરેલ, જેથી કેતનભાઈ ધોળકિયાએ નેગો. ઈન્સ્ટુ. હેઠળ ૧૩૮ અન્વયે તેમના વકિલ નીમિષાબેન પી. પંડયા દ્વારા અમરેલીના ચીફ જયુડી. મેજી. જજની કોર્ટમાં મેઘરાજભાઈ વિનોદરાય જોષી સામે ફરીયાદ દાખલ કરેલ, જે બન્ને ફરીયાદ ત્રીજા એડી.ચીફ જયુડી.મેજી જજની કોર્ટમાં ચાલી જતા જજ કે.એમ. વ્યાસ દ્વારા, ફરીયાદ નાં વકીલ નીમીષાબેન પી. પંડયાની દલીલો ગ્રાહય રાખીને આરોપી મેઘરાજભાઈ વિનોદરાય જોષીને બન્ને કેસમાં એક-એક વર્ષની સાદી કેદની સજાનો તથા બન્ને કેસમાં ચેક મુજબની પુરી રકમ ચૂકવવાનો હુકમ કરવામાં આવેલ.

### એડવોકેટ દ્વારા મુખ્યમંત્રીને ફરિયાદ

# લ્યો બોલો : રાજુલાનાં બર્બટાણામાંથી હજારો ટન માટીનો ગેરઉપયોગ થયો ?

### ખાણ-ખનિજ વિભાગની ભૂમિકા પણ શંકાસ્પદ

રાજુલા, તા. ૨

રાજુલા તાલુકાના બર્બટાણા ગામની સરકારી પડતર જમીન સર્વે નંબર ૧૯૩/૧પૈકી ૧ જમીનમાંથી એક વ્યકિતએ ખોટી રજૂઆત કરી ખોટી સાઈટ બતાવી સાદી માટી ૧૦,૦૦૦ મેટ્રિક ટન ૦.૬૪.૮૮ હે. આરે. ચો.મી. કરેલ અને ખાણ ખનીજ અધિકારીઓ સાથે મિલાપી થઈ અને આ કોન્ટ્રાકટર સાથે ભાગીદારી કરી જે માટી રાજુલામાં બનતા નેશનલ હાઈવેમાં નાખવાની પરમીટ હોવા છતાં બર્બટાણા રેલ્વે સ્ટેશનમાં ૪૦,૦૦૦ મેટ્રિક ટન માટી રેલ્વેના કામમાં નાખેલ. જે વિસ્તારમાં પરમીટ આપેલ હોવા છતાં વધુ વિસ્તારમાં ખોદકામ કરી મોટા પાયે માટી ચોરી કરેલ હોય. જેથી બર્બટાણા ગામના એડવોકેટ દ્વારા ખાણ ખનીજ અધિકારી, કલેકટર વિગેરેને ફરિયાદ કરેલ. પરંતુ ખાણ ખનીજ અધિકારી પણ આમા સંડોવાયેલા હોય જેથી કોઈ ફરિયાદ કરવામાં નહીં આવતા એડવોકેટે મુખ્યમંત્રીશ્રીને લેખીત ફરિયાદ આપેલ છે.

જો કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવે તો હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી આપવમાં આવેલ છે. હવે જોવાનું એ કે શું ખાણ ખનીજ અધિકારીઓ જવાબદાર સામે કાર્યવાહી કરશે ? શું કોઈ ફોજદારી ગુન્હો દાખલ થશે,? શું કોઈની ધરપકડ થશે ?, શું ખાણ ખનીજ અધિકારીઓ સામે એસબીની ફરિયાદ દાખલ થશે ?

















# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ
તા. ૦૩-૦૩-૨૦૨૪

## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૭૪**

**અપની તો હર ..આહ એક તુફાન હે .. કયાં કરે વો જાન કર અંજાન હૈ**
**રીમ ઝીમ કે તરાને લે કે આઈ બરસાત યાદ આઈ કિસે સે વો પહલી મુલાકાત**

**પ્રિય વાચક મિત્રો ,**

આગામી સપ્તાહ માં ભગવાન શિવજીનો પવિત્ર તહેવાર મહા શિવરાત્રિ આવી રહી છે, તમામ વાચક મિત્રો ને મહા શિવરાત્રિ પર્વ ની શુભ કામનાઓ સાથે દેવ આનંદ ની ફિલ્મો ની વાત ૧૯૬૦ ના વર્ષ માં કરી રહ્યા છીએ .. દેવ સાહેબે ક્રિમિનલ થ્રીલર ફિલ્મો ૧૯૬૦ માં આપી .જે દેશ ની જલતી સમસ્યા ઓ પર આધારિત હતી. બનાવટી ચલણની સમસ્યા આજે પણ વિકરાળ સ્વરૂપ લઈ ભારત ના અર્થ તંત્ર ને બરબાદ કરી રહી છે, જાણીએ પેહલા ભારતીય ચલણ વિષે ..ભારત માં ચલણ એક સિક્કા ના રૂપ માં ચાલતું હતું, ઈ.સ.૧૭૭૦ થી ૧૮૩૨ સુધી બેંક ઓફ બિહાર દ્વારા એક રૂપિયાની નોટ બહાર પાડવા માં આવી હતી, ત્યારબાદ અંગ્રેજોએ શાસન કર્યું, અને ૧૯૩૫ માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ની સ્થાપના થઈ , ૧૯૩૮ માં પાંચ રૂપિયા અને, દસ અને એક સો,અને દસ હજાર સુધીની નોટ બહાર પાડી હતી, પણ ભારત ત્યારે ગુલામ હતું, ભારતની આઝાદી બાદ ૧૯૪૯ માં પ્રથમ ભારતીય ચલણ બહાર પડ્યું હતું, તે એક રૂપિયાની નોટ પર કિંગ જયોર્જ નું ચિત્ર હતું ત્યાં અશોક સ્તંભ સાથે બહાર પાડી




હતી, તથા દસ હજાર સુધીની નોટ બહાર પાડી હતી, જે ૧૯૩૮ માં બહાર પાડેલ તેને ૧૯૪૬ માં પરત ખેચી ફરી,૧૯૫૪ માં દસ હજારની નોટ બહાર પાડેલ, જે ૧૯૭૮ માં પરત ખેચવા માં આવી હતી. નકલી નોટનો વ્યાપાર ભારતમાં ભારત આઝાદ થયા બાદ વકર્યો હતો , ૧૯૫૪ માં દસ હજારની નોટ બહાર પાડી ત્યારબાદ અને ભારતના ભાગલા થયા બાદ, ભારતના દુશ્મન દેશો દ્વારા ભારતીય ચલણ જેવુ નકલી ચલણ બજારમાં મૂકી દેશ ની આર્થિક વ્યવસ્થા ને ડામાડોળ કરવા નો નિશ્ચય કરેલ હતો, જે સમસ્યા આશરે ૧૯૫૫ થી ચાલી આવે છે, અને વર્તમાન સરકારે ૨૦૧૬ માં નોટ બંધી કરી નકલી ચલણ ભારત માંથી દૂર કરવાનો પ્રયત્ન કરેલ છે, નવું ચલણ બઝારમાં આવી ગયું છે, પણ દેશ દ્રોહી પ્રવૃતિ બંધ થઈ નથી. આવી સમસ્યા ૧૯૬૦ માં દેવ સાહેબ તેમની ફિલ્મમાં લઈ આવ્યા .

ઝાલી નોટ-પાછી ના નિર્માણ અને શક્તિ સામંતના નિર્દેશનમાં, રંજન બોસ ની સ્ક્રીન પ્લે, કહાની, રાજા મહેંદી અલી ખાનના ગીતો અને આ પી નૈયર ના મધુર સંગીત સાથે, દેવ આનંદ, મધુબાલા, હેલેન, ઓમ પ્રકાશ, ટૂન ટૂન, બિપિન ગુપ્તા, મૃદુલા રાની, મદન પૂરી કુંદન, એડવીના, કૃષ્ણ કાન્ત, કેશવ રાણા, થી અભિનીત આ ફિલ્મ અવેરેજ સફળ રહી હતી. કથા ટૂંક માં જોઈ એ.. દેવ એક સીઆઈડી ઈન્સ્પેકટર છે, જે દેશમાં નકલી નોટના કારોબાર ને પકડવા માટે નિયુક્ત થયેલ છે, દેવ ના પિતા તે પાંચ વર્ષ નો હતો ત્યારે છોડી જતાં રહેલ છે, જેની એક માત્ર નિશાની એક લોકેટ છે, જે દેવ પાસે છે. દેવ ની મુલાકાત નકલી નોટ ના દેશ દ્રોહી આનો પીછો કરતાં કરતાં મધુ સાથે થાય છે, જે એક પત્રકાર છે, બન્ને વચ્ચે ખટરાગ પ્રેમ નું સ્વરૂપ ધારણ કરી લે છે. દેવ નકલી નોટ ના આ કારોબાર ના મુખ્ય બોસ સુધી પહોચવા પ્રયત્ન કરે છે, આશ્ચર્ય તો એ છે કે જેલ માં રહેલ કૃષ્ણ આ કારોબારનો વજીર છે, પણ સાબિતી કશી નથી. દેવ એક અમીર વ્યક્તિ બની પેરિસ જાય છે, ત્યાં તેને નકલી નોટ ના કારોબાર નું ભારતીય કેન્દ્ર મળે છે, અંતે તે અને મધુ તે લોકો ની ઝાળ માં ફસાઈ જાય છે, પણ પોલીસ સમયે આવી જાય છે, મુખ્ય બોસ એ દેવ ના પિતા જે તેને બચપણમાં છોડી જતાં રહેલ તે જોવા મળે છે, દેવ તેના સાથીઓ ને અને તેના પિતા ને જીવિત પકડી લે છે, પણ ઘાયલ થયેલ તેના પિતા તેની માં અને દેવ ની માફી માંગી આ દુનિયા છોડી દે છે. નકલી નોટ ના ગુનેહગારો પકડાઈ જાય છે .

આ ફિલ્મ માં નકલી નોટ ના ગુનેહગારો પકડાઈ જાય છે, પણ ભારતમાં આજેપણ આ દૂષણ ને નાથવું એ એક પડકાર જનક બાબત છે, નવા ચલણ ૨૦૧૬ પાછી આવ્યા બાદ પણ બન્કોમાં નકલી ચલણ પકડાતું જોવા મળી રહ્યું છે, દેશ ના દુશ્મનો સાથે દેશ માં રહેલ દેશ દ્રોહીઓ ભારત ના અર્થ તંત્ર ને આજેપણ પડકારી રહ્યા છે. દેવ સાહેબની ફિલ્મોમાં ઢીષુમ ઢીષુમ અને ક્રાઈમ કથા જોવા મળતી, આજે જેવી ફાઈટ હોય છે, તેવી ફાઈટ ત્યારે ફિલ્મો માં જોવા ના મળતી પણ વાસ્તવિક લાગે તેવી ફાઈટ જોવા મળતી. ઝાલી નોટ ના ગીતો તે સમયે લોકપ્રિય રહ્યા હતા. ફિલ્મ અવેરેજ સફળ રહી હતી.

સરહદ – શંકર મુખર્જી ના નિર્દેશન અને નિર્માણમાં રંજન બોસ ની સ્ક્રીન પ્લે, માં દેવ આનંદ, સૂચિત્રા સેન, રાગિની, સજ્જન, અનવર હુસેન, ધુમાલ, સેમસન, લલિતા પવાર, મોની ચેટરજી, લીલા મિશ્રા, આકાશ દીપ, અઢણા ઈરાની (બાલ કલાકાર) થી અભિનીત આ ફિલ્મ નું સંગીત સી રામચંદ્રે આપ્યું હતું, ફિલ્મ સફળ રહી ના હતી. ફિલ્મ એક પ્રણય કથા પર આધારિત હતી. કા લા બા




ઝાર-નવકેતન ફિલ્મ્સના બેનર માં વિજય આનદમાં મિર્દેશન અને દેવ આનંદ ના નિર્માણમાં, વિજય આનંદ ની કહાની, સાથે આનંદ ભાઈઓ દેવ, વિજય અને ચેતન ને એક સાથે ચમકાવતી એક માત્ર ફિલ્મ એટ્લે કા લા બાઝાર. કાલા બાઝાર ફિલ્મ એ ફિલ્મ ટિકિટ ના થતાં કા લા બાઝાર ને ઉજાગર કરતી ફિલ્મ હતી, આજ ની જનરેસન ને એ ખ્યાલ ના હોય કે ફિલ્મ ની ટિકિટ ની જે કિમત થતી હતી, તેના દસ ગણા રૂપિયા દઈ દર્શકો ફિલ્મ કા લા બાઝાર માં થી ટિકિટ ખરીદી ને પણ પોતા ના ચાહીતા કલાકારો ની ફિલ્મ જોતાં હતા. આ ફિલ્મ હિન્દી સિનેમાની પ્રથમ એવી ફિલ્મ હતી કે જેમાં તે સમયના નામાંકિત કલાકારો એક દ્રશ્ય માં એક સાથે જોવા મળે છે, જેમ કે ગુઢપ્રત, દિલિપકુમાર, કિશોરકુમાર, નરગિસ, કુમકુમ, મુકરી, રાજેન્દ્રકુમાર, રાજકુમાર, સોહરાબ મોદી, અને મધર ઈન્ડિયા ફિલ્મના નિર્માતા નિર્દેશક મહબૂબ ખાન જેવા કલાકારો ફિલ્મ મધર ઈન્ડિયાના પ્રિમયર શો ના સમય મુજબ લિબર્ટી સિનેમા પાસે જોવા મળે છે, અને દેવ અને તેની ટોળકી તે ફિલ્મની ટિકિટ ના કા લા બાઝાર કરતાં હોય છે, દોઢ રૂપિયા ની ટિકિટ દસ માં, ત્યારબાદ છેલ્લે સો રૂપિયામાં વેચતા જોવા મળે છે, અભિનેત્રી નંદા સાથે દેવ આનંદ ની આ પ્રથમ ફિલ્મ હતી, પણ નંદા અહી દેવ સાહેબની બહેનના પાત્ર માં જોવા મળે છે. ફિલ્મ કાલા બાઝાર એટલી સફળ રહી હતી કે આ ફિલ્મ ની ટિકિટો ના કાલા બાઝાર પણ થયા હતા. આ એક એવું દૂષણ હતું જે તે સમય ની પોલીસ કે સરકાર દૂર કરી શકી નહી, ફિલ્મ ના એડવાંસ બુકિંગમાં જ સારી સફળ ફિલ્મોની ટિકિટ વેચાઈ જતી કે કાલા બઝારી ને આપી દેવાતી તે કોઈ આજ સુધી નક્કી કરી શક્યું નથી. અને લોકો વધુ રકમ આપી ટિકિટ ખરીદતા હતા. એ એક પ્રકારની તેમના ચાહીતા કલાકાર પ્રત્યે ની લાગણી હતી. આજે ઓનલાઈન ટિકિટના સમયમાં કાલા બાઝાર શક્ય નથી, અને તેવી ફિલ્મો પણ નથી આવતી જે ટોકીઝ માં પચીસ વીક ચાલે અને તે પણ દિવસના ત્રણ શો માં અને તે તમામ શો હાઉસ ફૂલ જતાં હોય, તેવું આજે શક્ય નથી. આજ ના સમયમાં ફિલ્મ ત્રણ વીક ચાલે એટ્લે સો કરોડ ની ક્લબમાં આવી જાય છે .

આ ફિલ્મ નું સંગીત એસ.ડી.બર્મન આપ્યું હતું, અને ગીત શૈલેન્દ્ર એ લખ્યા હતા, રફી સાહેબ, આશા જી, ગીતા દત, મન્ના ડે, સુધા મલ્હોત્રા, ના સ્વર માં આઠ ગીતો જે આજે પણ લોકપ્રિય ગીતોની યાદી માં છે, તે સમાવાયા હતા, ફિલ્મ માં દેવ આનંદ, વિજય આનંદ, ચેતન આનંદ, વહિદા રેહમાન, નંદા, કૃષ્ણ ધવન, રશિદ ખાન, જગદીશ રાજ, લીલા ચિટનીસ, કરતાર સિંગ, મુમતાઝ બેગમ, એમ એ લતીફ, સુશિલ કુમાર, અમૃત પાલ, કિશોર શાહુ, હેલેન, અને મદન પૂરી થી અભિનીત આ ફિલ્મ ૧૯૬૦ ના વર્ષ ની સૌથી સફળ ફિલ્મો પૈકી નવમા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ હતી. લતાજી અને રફી સાહેબના રોયલટી બાબતનો વિવાદ સમ્યો ના હતો, જેથી લતાજી રફી સાહેબ સાથે કોઈપણ ગીત ગાતા ના હતા, અને તેનો સીધો ફાયદો આશાજી ને મળતો થયો હતો. એક સમય હતો કે આશાજી પાસે મુખ્ય અભિનેત્રી સ્વર લેવા માંગતી ના હતી, અને તેમના ફાળે વેંપ કે સહ અભિનેત્રી પર ફિલ્મવાતા ગીત જ મળતા હતા, પણ લતાજીના કલાકારોને રોયલ્ટી મળવી જોઈએ ના આંદોલન માં રફી સાહેબ ના સહકારના હોવા થી તેઓ સાથે ગીત ગાતા ના હતા, સહ ગાયિકા સુધા મલ્હોત્રાને પણ આ દિવસો માં સારી તક પ્રાપ્ત થઈ હતી. ફિલ્મ કાલા બાઝારની કહાની અને ગીતો સાથે અને રાજકપૂરની સફળ ફિલ્મો સાથે આગામી અંક માં મળીશું. આભાર. **હિતેશ જોશી**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)-ભાગ-૪૮

## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ-૧૧

ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

**કામમાં ન આવે તેવી કમાણી: મેદસ્વિતા – જાડાપણૂં (obesity)-ભાગ-૧૧**

ઘણા લોકોને મનમાં એવો પ્રશ્ન થાય છે કે આ કસરત કરવાનું શું કામ છે ? ખાઓ, પીઓ અને મજા કરો! દુર્ભાગ્યે આવા લોકો જ લાંબા ગાળે બેઠાડુ જીવન અને શ્રમવિહીનતાને કારણે મેદસ્વીપણું, હાઈબ્લડપ્રેશર, ડાયાબિટીસ અને હૃદયરોગનો ભોગ બનતા હોય છે. પહેલાંના જમાનામાં જયારે ગામડામાં લોકો સાદું, શ્રમયુક જીવન જીવતા હતા ત્યારની અને અત્યારની શહેરી રહેણીકરણીમાં ઘણો મોટો તફાવત છે એ બધાએ સમજી લેવું જોઈએ. ગામડામાં રોજેરોજનાં કામકાજ-ખેતર ખેડવું, ખાડા ખોદવા, ઢોર ચારવાં, કૂવે પાણી સીંચવું, ત્યાંથી બેડાં ભરીને ઘરે લઇ જવાં, ઘંટી ચલાવવી, કપડાં-વાસણ ધોવાં વગેરેમાંથી પૂરતો શ્રમ અને કસરત લોકોને મળી જતો, જયારે આજે મોટાભાગના શહેરી લોકોને વ્હાઈટ કોલર જોબ કરતા હોવાથી ૧-૨ મિનિટનું અંતર ચાલવા સિવાય ભાગ્યે જ કોઈ શારીરિક ક્સરત દિવસના રૂટીન કામમાંથી મળે છે.


વજન ઘટાડવા કેવી કસરતો કરવી ?

વજન ઘટાડવા ખોરાક જેટલું જ નિયમીત કસરત નું મહત્વ છે. મોટાભાગે લોકો વજન ઘટાડવા શઢઆતમાં હોંશે-હોંશે કસરત કરવા માંડે છે અને ધીરે ધીરે કસરત છૂટી જાય છે, વજનઘટાડવા અને ઘટેલું વજન જાળવી રાખવા માટે કસરત ને દૈનીક જીવનનો ભાગ બનાવવો જઢરી છે, કસરત કરવાનો કંટાળો નો આવે તો જ તે નિયમીત થાય, કસરત ને માંણવાની જઢર છે , આ માટે મારી નિયમિત કસરત કરવાની આદત



કેમ પડી તે આપની સાથે શેર કઢ છું.

અખાડાનો સુવર્ણ યુગ : ૧૯૯૫ થી ૨૦૧૦ નો સમયગાળો અમરેલી ના અખાડાનો સુવર્ણ યુગ કહી શકાય તેવો હતો, આમ તો હુ ૧૯૮૦ થી અખાડે જતો હતો, પણ મારો બી.એ.એમ.એસ. નો અભ્યાસક્રમ ૧૯૯૫ માં પુરા થયા પછી નિયમિત અખાડે જવાનું શઢ થયુ એ વખતના મારા પ્રથમ વ્યાયામ ગુઢ જે.પી.કોરડીયા પાસે થી વ્યાયામના મુળભુત સિપ્રધાંત શીખ્યો અને જેને કારણે મારી શારીરીક-માનસીક ખુબજ પ્રગતી થઈ, જે.પી. દાદા એ પહેલો સફળતા નો સિપ્રધાંત એ શીખવાડયો કે કોઈપણ કાર્યમાં સફળ થવું એટલે તે કામ પુઢ નો થાય ત્યા સુધી કરવાનું, આ સિપ્રધાંત ને કારણે અઘરામાં અઘરા આસનો અને કસરત અમને સહજ આવડી ગઈ, બાકીની વધારાની કસરત હું અજયભાઈ કામદાર પાસે થી શીખ્યો જેમાં મગદળ ફેરવવા, ડબલ બાર અને મલખમ ખાસ. એ સમય નુ વાતાવરણ જ એવું હતુ કે અખાડે જવાની રાહ રહેતી અને અખાડે ગયા પછી શારીરીક-માનસીક રીતે એકદમ હળવાફુલ થઈ જવાતું, અલક-મલક ની વાતો, મજાક-મશ્કરી, ગાંઠીયા-જલેબી નો નાસ્તો, રવીવારે ફુલ બોડી મસાજ, શીયાળાની કડકડતી ઠંડીમાં માઘ સ્નાન(રાત્રે પાણી ને માટલા મા રાખી એ ઠંડા પાણી થી નહાવાનું), ઉનાળા માં માટી સ્નાન, અશોક કાકાની(અશોકભાઈ મુંજપરા) રમુજ, પી.સી.(પરાગ ભુપતાણી) નો ગાઢ્યા પ્રેમ એ કસરત ને એવી સહજ બનાવી દેતા કે ગમે તેટલી કસરત નો થાક નો લાગતો એ સમયે



ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

સવારે અખાડે વહેલા પહોચી ૧૦ રાઉન્ડ(૪ કીમી) રનીંગ કરવાનું, રનીંગ કરી વોર્મ અપ કસરત ત્યારબાદ જુદા-જુદા આસનો ને પ્રાણાયામ, તે પછી દંડ-બેઠક, ત્યારબાદ મગદળ ફેરવવા અને ડબલબારની કસરત અને શીયાળા માં મલખમ (મલખમ માં લાકડાનો એક થાંભલો હોય તેના ઉપર તેલ લગાવી શરીરના જુદા-જુદા દાવ(હુડી) કરવાના અને આ તેલ નું માલીશ તમારા શરીર માં લાગે)મલખમ કર્યા પછી શરીર તાંબા જેવુ ખડતલ બની જાતુ. આમ સવારની ત્રણેક ક્લાક અખાડામાં પસાર થતી, એમાં નવું-નવું ટેબલ ટેનીસ શીખ્યાતા તો જયારે વારો આવતો ટેબલ ટેનીસ રમવાનું અને આ વળગણ એવું થઈ ગયુ કે રવીવારે કે રજા ના દિવસે ૬ ક્લાક ટેબલ ટેનીસ ચાલતું અને છ્તાં પણ જરાપણ થાક નો લાગતો, ગઈકાલે હું ટેબલ ટેનીસ રમવા ગયો એક જુવાન (૧૬ વર્ષ) છોકરા સાથે ૨ ગેમ રમ્યો, મને કે હવે નથી રમવું હું થાકી ગયો છુ, અડધી ક્લાક થી રમું છું, હાલમાં અખાડામાં આવતા મોટભાગના છોકરા થોડીવાર જેમ તેમ કસરત કરી, બાકડે કે હીંચકે બેસી ને મોબાઈલમાં ગેમ રમવાનુ જ કામ કરે છે, આ અખાડાની વાત લખવાનું મુખ્ય કારણ એ છે કે હાલ માં જે લોકો કોઈપણ કસરત કરે છે તે શઢઆત માં ફરજીયાત બન્યુ હોય એટલે કરે છે અને પછી તેમાંથી ઢચી ઓછી થત્તા કસરત બંધ થઈ જાય.

કોઈપણ કસરત શઢ કરતા પહેલા એ કસરત નિયમિત જળવાઈ રહે તેવું વાતાવરણ બનાવવું જઢરી છે અને તોજ તમને કસરત આનંદ આપશે.

કોઈપણ કસરત કે શારીરીક શ્રમ કરો ત્યારે એ કરવાનું ટેન્શન ન થવું જોઈએ. જે તે કાર્યમાંથી આનંદ આવવો જોઈએ-ચાલવું,દોડવું, કુદવું, ચડવું, તરવું




કંઈપણ કરો પણ એ પ્રવ્રુતિ આનંદદાયક હોવી જોઈએ અને પ્રવૃતિ કર્યા પછી થાક લાગવાને બદલે સ્ફુર્તિ લાગવી જોઈએ જયા સુધી કસરત કરવાથી આનંદ અને સ્ફુર્તીનો અનુભવ ન થાય ત્યા સુધી કસરત કે શ્રમ જોઈએ એટલી શારિરીક માનસીક તંદુરસ્તી આપી શક્તા નથી. જો કોઈપણ કસરતને નિયમિત લાંબાગાળા માટે ચાલુ રાખવી હોય તો કસરત કરવામાં મજા આવવી જોઈએ. ઉંઘુ ઘાલીને જીમમાં ટ્રેડ મીલ પર દોડતા કસરત બાજો થોડા સમય પછી કંટાળીને કસરત છોડી દે છે જયારે રોજે રોજ પુલ પર કે બાગમાં ચાલવા-દોડવા જનારા કે નિયમિત બેડમિંટન ટેનિસ રમવાવાળાઓ લાંબા સમય સુધી કસરત ચાલુ રાખી શકે છે.

ક્સરત વડે આખા શરીરને સૈથી વધુ લાભ પહોંચાડવા માટે શરીરને ગુઢત્વાકર્ષણ વિસ્તરે કે જમીનને સમાંતર ગતિ કરાવતી કસરતો ઘણી ઉપયોગી થાય છે. આવી કસરતોને ઘણીવાર 'એરોબીક્સ' પ્રકારની કસરત કહેવાય છે. કેમ કે મધ્યમ તીવ્રતાથી આ કસરત કરવામાં આવે તો સ્નાયુને જરૂરી ઓક્સિજન કસરત દરમ્યાન જ પૂરતા પ્રમાણમાં મળ્યા કરે છે. પરિણામે કસરત પછી સ્નાયુ દુઃખવાનું કે ખૂબ થાક લાગવાનું ખાસ બનતું નથી. આ પ્રકારની કસરતોમાં ચાલવું, દોડવું, સાઈકલ ચલાવવી, તરવું, સેટિંગ કરવું, ફૂટબોલ, હોડી, ટેનિસ, બેડમિંટન જેવી રમતો રમવી, હલેસાં મારવાં વગેરેનો સમાવેશ થાય છે. આ માંથી કોઈપણ કસરત પૂરતા પ્રમાણમાં એક વખતે ૨૫૦, કેલરી વપરાય તેટલી કરવામાં આવે તો સ્વાસ્થ્યને લાભદાયક બની શકે છે. વળી રોજ એક જ પ્રકારની ક્સરત કરવી જરૂરી નથી. એક દિવસે દોડો અને બીજે દિવસે તરો તો પણ સ્વાસ્થ્ય માટે સરખો જ ફાયદો થશે.

નિયમીત કસરત કરવા કસરત પ્રેમી નું ગ્રુપ બનાવો, મારા પરમ મિત્ર ડો.નિતીનભાઈ ત્રીવેદી(બાળરોગ નિષ્ણાંત) નું એક કસરત પ્રેમીનું ગ્રુપ છે જે જુદી જુદી કસરતો ને નિયમિત માણે છે, હમણાં તેઓ સાયક્લીંગનો આનંદ માણે છે, ત્રિવેદી સાહેબનો એવો અનુભવ છે કે સાયકલ લઈ ને નિકળીએ એટલે એકદમ જુવાન થઈ ગયા હોય અને કોલેજમાં ભણતા હોય તેવો અનુભવ આવે છે, સાયકલીંગ થી પ્રક્રુતિ ને માણી શકાય છે અને તમને એક વ્યાપકતાનો સંતોષ આપે છે, દરરોજ દોઢ ક્લાકમાં ૩૦ કિ.મિ. સાયકલ તેઓ ચલાવે છે, ૨૦૨૧ ના વર્ષમાં અંદાજે ૫૫૦૦ કિ.મિ. સાયકલ ચલાવી છે.

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂઢં છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો, ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં, મીઠાં ગીતડાં !
(માલિની)
મધુર સમય તેવે ખેતરે શેલડીના, રમત કૃષિવલોનાં બાલ નાનાં કરે છે;
કમલવત્ ગણીને બાલના ગાલ રાતા, રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે !

કવી કલાપી ના આ અનુભવને માણવો હોય તો સવારે સુર્યોદય પહેલા પ્રક્રુતિ ની ખોજ માં ચાલી ને કે સાયકલ લઈ ને નિકળી જવું પડે...

# હાસ્ય ધર્મથી 'સમય' ના મૂલ્યને વધાવીએ

અમારા ગ્રુપમાં એક બે જણ બે દિવસથી મોડા આવતા હતા એમાં સમયના મૂલ્ય પર ચર્ચા થવા લાગી.એટલે અમારે એક સાયન્સના સાહેબ કે જુઓ હું તમને સમયનું કેટલું મહત્વ છે.સમયનોસદ ઉપયોગ કેવી રીતે કરી શકીએ તેની વાત તમને એક પ્રેરક પ્રસંગ કહી સમજાવું. આપણે બધાએ વીજળીના ચમકારે મોતીડા પરોવવાનું ઐતિહાસિક ભજન સાંભળેલું જે પણ ઘણું ઘણું કહી જાય છે.સમય માટે તો ઘણું કહેવાય છે. પણ અમલ તો આપણે જ કરવો જોઈએ. તો આપણને જ ફાયદો છે.

રસ્કિન નામના વિદ્વાને કહ્યું છે કે દિવસની શરૂઆત કરવા જેવી સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણે એ દિવસે એક પળ પણ નકામી ન ગુમાવીએ. તો મહાન ઈંગ્લીશ નાટ્યકાર શેક્સપિયર કહે છે કે સમયના આગળના ભાગમાં ઝુલ્ફા હોય છે અને પાછળના ભાગમાં ટાલ હોય છે.ટુંકમાં આપણે સમય ગુમાવીએ નહી તો સમયનાં અભાવ વિશે,સમયના અભાવે સપના સાકાર ન થયા એ વિશે ફરિયાદ કરવાનો ક્યારેય વખત આવે નહી,સાપેક્ષવાદના સિદ્ધાંતના સ્થાપક આલ્બર્ટ. આઈન્સ્ટાઈનની જેમ જર્મન, ભૌતિકશાસ્ત્રી નોબેલ પારિતોષિક વિજેતા પ્રખર ગણિતશાસ્ત્રી વાયોલિન વાદક આદર્શ શિક્ષક અને ઉત્કૃષ્ટ સંશોધક આઈન્સ્ટાઈનને મળવા એના એક મિત્ર એમના બર્લિનના નિવાસ સ્થાને આવ્યા.બંનેએ બીજા દિવસે નિશ્ચિત સમયે એક વેધશાળા જોવાનું નક્કી કર્યુ.અને વેધશાળાની નજીક એક પુલ પાસે મળવાનુંઠરાવ્યુંઆઈન્સ્ટાઈનના મિત્ર બર્લિન શહેરથી અજાણ્યા હતા.એટલે જો પુલ પાસે પહોંચતા એમ ને મોડું થાય તો મહાન વૈજ્ઞાનિકનો કીમતી સમય વેડફાઈ જાય એવો ડર વ્યક્ત કરતા એમણે પૂછ્યું પુલ પાસે આપ મારી રાહ જોશો.એ તો ઠીક પણ હું સમયસર ન પહોંચી શકું તો? આઈન્સ્ટાઈને કહ્યુંતો હુંતમારી રાહ જોઈશ.તમે બરનીલથી અજાણ્યા છો એ હું જાણું છું. એમના મિત્રે કહ્યું મારી રાહ જોવામાં આપનો અમૂલ્ય સમય વેડફાઈ જાય એની મને ચિંતા છે.ના મારો સમય નહી વેડફાય હુંતો કામ કરતો જ હોઈશ. આઈન્સ્ટાઈનના આ જવાબથી મિત્ર



પ્રિન્સીપાલ-ડો.મયૂર દવે
ધારી

ને નવાઈ લાગી. અને એમને આ જવાબ સમજાયો નહીં એટલે એ ફરીથી કહે છે મારી રાહ જોવામાં આપનો મુલ્યવાન સમય બગડે એમને ન ગમે.આઈન્સ્ટાઈન ને કહ્યું જો તમે ચિંતા ન કરો હું તમારી રાહ પણ જઈશ અને સાથે સાથે મારૂ કામ પણ કરીશ.અપાર આશ્ચર્ય સાથે મિત્રએ કહ્યું એ કેવી રીતે બને? આઈન્સ્ટાઈને હસતા હસતા કહ્યું મારા અભ્યાસ ખંડમાં બેસીને વિજ્ઞાનના કોઈડા ઉપર હું વિચારતો હોવ છું એ જ રીતે આ પુલ પાસે તમારી રાહ જોતા જોતા પણ હું એ કોયડાનો વિચાર કરી શકું છુ. એટલે મારો સમય નહિ વેડફાય. ત્યાં તો મિત્ર ને પણ સમય સાચવવાની,સમયના મૂલ્યની જડીબુટ્ટી મળી ગઈ. ત્યાં તો આ વાત સાંભળીને રઘો હસતા હસતા કે આપણે તો સમયનું કોઈ મૂલ્ય જ નથી સમજતા કેટલો સમય ઈર્ષા, ખટપટ, નિંદા, રખડપટ્ટી આળસ, આરામમાં વિતાવીએ છીએ આવો આપણે બધા પણ સમયને સમજીએ અને અમૂલ્ય સમયને જીવન મંત્ર બનાવીએ.અને હા સદ્ઉપયોગમાં, કોઈનું ભલું કરવામાં સમય વાપરીએ તો લેખે છે પણ આડા પગ નાખી કોઈનો સારા સમયના વહેણ ને અટકાવશો નહી. કોઈ કનું સારૂ વિચારીએ, સારૂ કરીએ તો ભગવાન ખૂબ રાજી થાય અને આપણું પણ સારૂ કરે છે. ત્યાં તો રઘાની માર્મિક વાત સાંભળી બધા ખડખડાટ હસવા લાગ્યા.અમારે એક સાહેબ કે આ પાવન પર્વે નવરાત્રિમાં આપણે પણ ઉતમ સંકલ્પો લઈ સફળતા મેળવતા રહીએ.હસવાનો,તંદુરસ્ત લેવાનો સંકલ્પ પણ લીધા જેવો છે.હસતા રહો, હસાવતા રહો.

# દુઃખી થવાનાં દ્વાર ઘણાં છે. સુખની તો થોડીક જ બારી, પાણી બચાવવા-પાણી બતાવવું એ જ છે સૌની સાચી જવાબદારી

કાકા કાલેલકર સૌ કોઈનાં અનુભવને અભિવ્યકિત આપતાં લખે છે કે, 'રસ્તામાં મુસાફરી દરમ્યાન આપણને વૃક્ષો, પહાડો, રોડ-રસ્તા, નદીઓ જોવા મળતાં હોય છે. પણ જયારે આપણે નદી, તળાવ, જળાશય કે ડેમને જોઈએ છીએ, તેની જળરાશિ નિહાળીએ છીએ, ત્યારે આપણું મન, ભીતરથી કોળી ઉઠે છે. કારણ કે માનસ શરીરમાં રહેલાં પંચતત્વો માંહેનું જ એક તત્વ પાણી એ બહારનાં પાણીને જોઈને મ્હોરી ઉઠે છે. !!

વિજ્ઞાન જેને $H_2O$ નું બંધારણ કહે છે, અને વ્યવહાર જગત તેને પંચતત્વો માંહેનું અગત્યનું તત્વ ગણે છે. એ પાણી તો પ્રભુનો પ્રસાદ છે. સજીવ માત્રનો પ્રાણ, જીવન રસ છે. ધરતીનું એ ધાવણ છે, અવનિનું અમૃત છે. જીવન જીવવાની જડીબુટ્ટી છે. પાણીની તૃપ્તતા, શીતળતા, તાજગી અને તરલતા જ તેની મહતા સિધ્ધ કરે છે. શ્વાસની જેમ જ પાણી જીવનનો આધાર છે, જીવ માત્રનો આધાર છે. જગતને તૃપ્ત કરવાની, તરસ્યા રાખવાની, તર્પણ કરાવવાની કે પછી તારાજી સર્જવાની તમામ તાકાત પાણી જ ધરાવે છે. ભર્તુહરિ લખે છે કે, : 'દુધ પાણીને મળે ત્યારે પોતાનાં ગુણ તેને આપે છે. અને આજ દુધને ઉકાળવામાં આવે ત્યારે પાણી પોતાની જાતને પહેલાં બાળે છે. આ રીતે સંબંધની ભાવે છે. પાણી માણસની ગુળથુથીથી લઈને છેલ્લા શ્વાસ સુધીની યાત્રામા સૌની સોથ જોડાયેલું રહે છે. પાણી વગર શું શકય છે ? પીવા માટે, નહાવા માટે



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

રસોઈ, વાસણ, કપડાં, સાફ સફાઈ, ખેતી અને ઉદ્યોગો માટે વિદ્યુત ઉર્જા અને ઔષધિઓ માટે જીવનના દરેક પડાવ ઉપર પાણીની જરૂરિયાત રહેજ છે! એજ તો પાણીની અનિવાર્યતા સાબિત કરે છે. જેમાં ભળી જાય, તેને પોતાનો રંગ,રૂપ અને આકારઆપી દેતું પાણી એ જાણે કે પરમાત્માનો સાક્ષાત્કાર જ છે! સાગરમાંથી વરાળ સ્વરૂપે આકાશે ચડીને, વાદળ સ્વરૂપે બંધાઈને મેઘ સ્વરૂપે વરસીને ફરી સાગરને મળતા પહેલા તો જળ સ્વરૂપે પાણી કેટકેટલા જનસેવા લોકકલ્યાણના સદકાર્યો સંપન્ન કરી લે છે!! આ આખો અહોભાવનો વિષય બની જાય છે. જગતને પોષવા પાણીની નદીઓ વહી જે 'લોકમાતાઓ' કહેવાણી તેના જ કાંઠે આપણી સભ્યતા, સંસ્કૃતિઓ રચાણી, તીર્થ સ્થળો સ્થપાયા, પાણીએ જ માનવ શરીર, દરેક સજીવ, જીવન અને જગતને ચેતનવંતુ રાખ્યું છે. તૃપ્ત કર્યુ છે. ત્યારે પાણીનો જેટલો પાડ (ઉપકાર) માનીએ તેટલો ઓછો જ ગણાશે !! **(ક્રમશઃ)**

બાબત મારે અને ભગવાનને હજુ કાંઈ જ વાત થઈ ન હતી. મને જમતાં જમતાં કહ્યું, 'દેખો તુમ અપને મન પો કુછ લેના નહીં ઔર થોડી ધીરજ રખો. થોડે દિન બાદમેં બુલા લૂંગા. ભોજન બાદ થોડીવાર બેઠા. મને કહે, અરે આજકા અખબાર તો લાવ.'' તે દિવસે રવિવાર હોવાથી પેપરમાં રાશિફળ આવે તે વાંચતા કહ્યું, અરે રમા, મેરી તુમ્હારી રાશિ એક હે.'' મેં કહ્યું, ભગવાન, મેરા નામ રાશિ પરસે નહીં રખા ગયા. ભગવાન કહે, અરે કુછ ભી હો હમારે લિયે તો યહી રાશિ હૈ. અરે ભાઈ અબ યે દિન તો હમારે તુમારે દોંનોકે લિયે અચ્છે હૈ.

અતિ વિચિત્ર રઘુપતિ ચરિત........

થોડીવારે અસનો સમય થતાં જવા માટે તૈયાર થયા. મારા હાથમાં પર્સ જોઈને બોલ્યા, 'લાવ, લાવ તુમારા પર્સ પુઝે દે દો.' બસમાં બધાની સાથે સાવ સાધારણ વ્યક્તિની જેમ બેસી ગયા. બસ ઉપડતાં પર્સ આપ્યું અને વિદાય લીધી. ઘેર આવતા જેયું તેમાં પચાસ રૂપિયા (પાઈપ)

# રામ સકલ વનચર પરિતોષે, કહિ ગુદ્દુવચન પ્રેમ પરિપોષે ।

મૂકેલા હતા.

ભગવાન પધારી ગયા બાદ બીજા જ દિવસે સોમવારે સવારે મોટા બહેન ત્રણેય બાળ કો સાથે અમદાવાદ ભણવા જતાં રહ્યા. ખબર નહીં ભગવાન શું તેમના પર કૃપા કરી ગયા ! નહીં તો તેઓ જરાપણ અભ્યાસની ઈચ્છા ધરાવતા નહેતા. પરિણામે આજે તેઓ સુખી છે.અઠવાડિયા બાદ બાપુજી, બહેનનો સામાન આપવા અમદાવાદ ગયા. ત્યાંથી બાને તેડવા વરસડા જવાના હતા.

પાછળથી ભગવાનને પત્ર આવ્યો. અમુક વ્યક્તિએ મને નહીં બોલાવવા બાબત ભગવાનને વચનોથી બાંધેલા હોવાથી પત્રનું લખાણ આ રીતનું છે.


રમા રમણ પદ બંદિ બહેરી
પ્રિય રમા સાદર આસીસ,

તબિયત ઠીક ન હોને સે અપંગ હો ગયા હું બહુત કમજેરી હૈ આજ મુશ્કિલસે તુઝે પત્ર લિખ રહા હૂં સો જાનના યાદ આતી હૈ તબ મનકો માર લેતા હૂં કિ મૈને કેન તુમકો સુખ દિયા જ....ભગવાન જૈસા કરે ઠીક હૈ.

**રામસંગ સિય રદહિ સુખારી, પુર પરિજન ગૃહ સુરતિ બિસારી ।**

સંભવત : દે – ચાર દિનકે ભીતર સુરેશ ગુનાસે સામાન લેકર આપે તે ઉસે બિકાનેરક બસમેં

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



બૈઠ દેના હું એર સામાન જરૂર દેખ લેના પ્રાયમસકી પીન જરૂર દેખ લેના.

યદિ નહીં તે રખ દેના સબ બાલકોકો, હરિયાણકે સબકો આસીસ કહના, ભજન કરના, સહન કરના.

**રણછેડદાસ**

આમ આડકતરી રીતે મને બેલાવી નહીં તે સુરેશને સીધા બેલાવી શક્તા હતા અને જયપુરથી જતી વખતે કહી ગયેલા, ' આઠ દિનકે બાદ બુલાઉંઝા' 'ભગવાને લખ્યા પ્રમાણે બેત્રણ દિવસમાં સુરેશ તેમજ ગુનાવાળા રામેશ્વરમૈયા આવ્યા. તેમની સાથે બિકાનેર જવા નીકળી.

(૬૩)

કિન્હ અનુગ્રહ કૃપાનિધાના

અમો રાત્રે બિકાનેર પહોંચી ધર્મશાળામાં રાત રેકાયા. બીજે દિવસે સવારે બસથી શ્રી કોલાયત ગયા. બિકાનેરથી લગભગ છવ્વીસ માઈલ દૂર છે. ધર્મશાળામાં પહોંચતા પ્રણામ કરવા ન જતા સુરેશ સાથે ચિટ્ઠી મેકલી, 'ભગવાન બિના બુલાયે આઈ હું. આપ કહેંગે તે અભી વાપિસ જયપુર ચલી જાઉંગી પરંતુ આપ નારાજ ન હેના' ભગવાને જવાબ લખીને આપે ' તુમસે બહુત નારાજ હે પૂર ઉસસે જયાદા પ્રસન્ન ભી હું અચ્છા ચિન્તા ન કરના. તે જ દિવસે સુરેશ તથા રામેશ્વર ભૈયાને બિકાનેર મેકલી દીધા. જાવ તીન દિનકે બાદ આના' મારે તે દિવસે નિર્જળા ઉપવાસ હતો.

ધર્મશાળાના માજીએ અમારા પહોંચ્યા પહેલાં ભગવાન સાથે કાંઈ વિચિત્ર વર્તન કર્યું હશે. ભગવાન પાસે કાંઈ સામાન ન હોવાથી તેમને સામાન્ય સાધુ માની તિરસ્કાર તથા અપમાન કર્યું હશે. પરંતુ આટલા સામાન સાથે અમને આવેલા જોઈ તેમનું વર્તન બદલાઈ ગયું. આટલા દિવસ સુધી ભગવાન ગમે તે થોડું ભોજન લઈ ચલાવી લેતાં. જાતે

**રામપ્પિયા જેગજનનિ સિય, કુછ ન અચરવ તાસ ।**

બિકાનેર જઈ એલ્યુમિતિથી આપેલી તેમ જ પ્રાયમસ લઈ આવેલા. પાતાની હાથે ખીચડી, થૂલી પકાવી લેતાં, હવે તો માજી ખબ ભાવથી, 'મને કાંઈક સેવા બતાવો' એમ કહેવા લાગ્યા બીજા દિવસે વ્હેલી સવારે લગભગ ત્રણ વાગ્યાથી ભગવાન, હે રામ, હે રામા, બેલતાં સંભળ ાતા હતા. પાંચ વાગે સ્નાન કરી હું ભગવાન પાસે ગઈ. ચરણામૃત લીધા વિના પાણી ન પીવાનો નિયમ. પ્રણામ કરતાંની સાથે બોલ્યા, અરે ઈતની દેરસે આઈ હો ? કબસે આવાજ લગા રહા હૂં. ભગવાને જાતે જ પલંગ પરથી નીચે ચરણુ રાખી પીવાના પાણીના ગ્લાસમાંથી એક ચમચામાં પિતાને અંગૂઠે ! ધોઈ મને ચરણામૃત આપ્યું. ત્યારબાદ શ્રી રામેશ્વરભૈયા મિઠાઈ લાવેલા તે ચમચો ભરી આપતાં કહ્યું, પહલે ઈતના ખા લો બાદમેં બાત કરૂંગા.

પછી પોતાના કપડા, ટૂવાલ સાથે બગલમાં દબાવી કહ્યું, ચલે નીચે. નીચે એકરૂમ હતો ત્યાં સ્નાન કર્યુ અને કૂવાલ પહેરીને જ રસોઈ કરવા બેસી ગયા, મને રૂમના દરવાજામાં બેસવાનું કહ્યું. સેઈની તૈયારી કરવું? જેઈમેં કહ્યું, ભગવાન મુઝે એકાદશી હૈ.તો કહ્યું, તુમ ચૂપચાપ બૈઠી રહો, કુછ બોલના નહીં. એક પ્રાયમસ પર થુલી બનાવી, વી, બીજા પ્રાયમસ પર બટેટા બાફવા મૂકયા. બોલવાની ના છતાં મેં કહ્યું, ભગવાન મુઝે કુછ નહીં ખાના હે મેરે લિયે આપ કષ્ટ ન કરે ફરી બેલ્યા, કહ દિયા ના તુમ કુછ બોલના નહીં. ત્યાર બાદ કાંઈક શોધતા જણાયા. ન મળતાં થોડીવારે કપડાં પહેરી બંડીના ખિસ્સામાં પૈસા નાખતા બેલ્યા, તુમ યહાં બૈઠો, મેં અભી આતા હૂં. દસ– મિનિટમાં પાછા આવી પડીકું ખોલી ચણાના લોટમાં સોડા નાંખતા. જોયા. બટેટા બફાઈ જતાં મોટા મોટા ટુકડા કરી ચણાના લોટમાં બળ ને તળ્યા. આ રીતે થૂલી અને ભજીયા તૈયાર કરી પોતાની પ્લેટ તથા મારી થાળી પીરસી મને આપતા કહ્યું, કુછ બોલે બિના ચુપચાપ ભોજન કર લો.મેં કહ્યું, ભગવાન મેરી એકાદશી હૈ ના ? તો કહ્યું, યહીં તુમ્હારી એકાદશી હૈ.

સવારે માજી કહેવા આવેલા કે બહેન મારી સાથે જમશે ત્યારે કહેલું, યહ તો પીલા પીલા પહનતી હૈ એર પીલા પીલા ખાતી હૈ. તે દિવસે મેં પીળી સાડી પહેરેલી. ત્યારે તે હું સમજી નહતી કે ભજીયા બનાવશે. ભગવાન ભોજન લઈ ઉપરના રૂમમાં પધાર્યા. થોડી–

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**શાંતિવન તરફ આનંદ યાત્રા**

**ઈસ તન, મન, ધન કી કૌન બડાઈ ?**

જીવન એક આનંદ યાત્રા બનવી જોઈએ. જીવન હર પળે રસમય ઉન્નત અને આનંદથી ભરપુર રહે, તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ લખાણ ઉપદેશ દેવા માટે નથી. વાંચનારનું મનોબળ વધે, નવી આશા – ઉત્સાહમાં વધારો થાય અને પ્રભુ ઉપર શ્રધ્ધા વધે તેવા પ્રયત્નો છે. બાકી તો આપણે રાખના રમકડા છીએ.

રાખનાં રમકડા, મ્હારા રામે રમતાં રાખ્યા રે....!

મૃત્યુલોકની માટી માથે, માનવ કહીને ભાખ્યા રે...!

ઈશ્વર આપણને અદભુત શરીર આપ્યું છે. અદભુત શકિત આપી છે. આપણા શરીરમાં અવિરત વિદ્યુતપ્રવાહ વહે છે. ગઈકાલે જ એક ન્યૂઝમાં હતું કે હવે આંગળીના ટેરવે મોબાઈલ રીચાર્જ થઈ શકશે. આંગળીના ટેરવે આપણે મોબાઈલ ચલાવીએ છીએ. શરીરની કેટલીક ક્રિયાઓ જાણવા ઈ.સી.જી નો ઉપયોગ થાય છે.

આપણી આસપાસ આત્મામંડળ હોય છે. ભગવાનના ફોટા આસપાસ તેજ – વર્તુળ દોરેલ હોય છે. હવે આ સાચી વાત છે. આપણી આસપાસ શરીરમાંથી નીકળ તી વિદ્યુત – આત્માનો ખાસ પ્રકારના કેમેરાથી ફોટો પાડી શકાય છે. કેટલાક રોગોનું નીદાન પણ થઈ શકે છે. સ્વસ્થ, આનંદ, ઉત્સાહ, વાળ ો ચેહરો અને ઉદાસ બીમાર વ્યકિતનો ચેહરો ઉપર જોઈને કહી શકો કે તે ખુશ છે? ચિતામાં છે? દુઃખી છે?

એકયુપંચર એકયુપ્રેસર ગરમ ઠંડા પાણી સૂર્ય પ્રકાશ માલીસ કસરત વગેરેથી ઘણા રોગોની સારવાર થઈ શકે છે. આપણા ભૌતીક શરીરમાં છ ચક્રના સ્થાનની કલ્પના કરી છે. આપણું આ બિજું શરીર છે. શ્વાસ લઈએ છીએ તે પ્રાણમય કોષ દ્વારા પ્રાણમય શરીર છે. બીજું એક મનોમય શરીર છે. એક ક્ષણ પણ મન સ્થિર રહેતું નથી. સતત વિચારોની આવતજાવત શરું પડે છે. વિચારોને નિયંત્રિત કરી ધ્યાન દ્વારા શરીરને વધુ ઉર્જા

**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા



વધુ સક્ષમ બનાવી શકાય છે. સમગ્ર સંચાલન સ્વંય સંચાલિત આપમેળે ચાલે છે. બીમાર પડયા હોઈએ ત્યારે સ્વસ્થ કરવા શરીરમાં આપમેળે તૈયારી ચાલે છે. ઈમ્યુનીટી, રોગ સામે લડવાના સૈનિકો લોહીમાં જ છે. મગજ વિશે જાણીએ તો ઈશ્વર પ્રત્યે અહોભાવથી મસ્તક નમી જાય લાખો કોષ એકબીજા સાથે સંકળાયેલ છે. તેનું રહસ્ય પૂરેપૂરું વિજ્ઞાનીઓ પણ જાણી શકયા નથી. મગજ વિશે હજુ પણ રહસ્ય છે.

૨ આ ભૌતિક દેહની ચેતન–ઉર્જા છે તે જયારે ચાલી જાય ત્યારે આપણે શરીરનું મૃત્યુ થયું છે તેમ કહીએ છીએ. આત્મા ચાલ્યો ગયો.

મૃત્યુ સહજ અને પૂર્ણ જીવન જીવ્યા પછી દુઃખ રહીત પીડા રહીને મળે તેને ધન્યમૃત્યુ કહેવાય છે. યોગીઓ સંતો મહાપુરુષોના મૃત્યુ સહજ શાંત અને દિવ્ય હોય છે. તંદુરસ્ત અવસ્થામાં ચાલતા ફરતા એક બે દિવસની પથારીમાં રહી સંપૂર્ણ જાગૃત અવસ્થામાં વિદાય લે છે. ખૂબ મોટી ઉમર હોય અને રોગમુકત શરીર બિલકુલ દુઃખી થયા વગર કોઈની પણ સેવા લીધા વગર મૃત્યુ શરણ થાય તે ઈશ્વર કૃપા છે.

મરણોતર આત્માનું શું થાય છે? ચમત્કારી ઘટનાઓ વિશે ઘણા પુસ્તકો લખાયા છે. આ લેખમાળાના અંતે કોઈ જીજ્ઞાસુઓનો વાંચવા હોય તો એવા પુસ્તકોના નામ લેખક વગેરે માહિતી આપવામાં આવશે. એક લોકપ્રિય પુસ્તકનો ઉલ્લેખ કરું તો એલિઝાબેથ ફુલ્લર રોસ એમ.ડી.નું ''ડેથ એન્ડ ડાઈગ'' રેમન્ડ મૂકીનું ''લાઈફ આફટર ડેથ'' ''લાઈફ આફટર લાઈફ'' અત્યંત લોકપ્રિય થયા છે. આ બન્ને પુસ્તકો વિશ્વની હય ભાષાઓમાં અનુવાદ થયો છે.

પરદેશમાં ઘણા સંશોધનો થયા છે. ડો. ર્કાલિસ ઓસિસે લગભગ એક હજાર ડોકટરો – નર્સનો સંપર્ક કરી તપાસ કરી હતી કે મૃત્યુ શૈયા પર દર્દી શું અનુભવે છે? ડો.એષિરો એ નિષ્કર્ષ તારવ્યો છે કે મરનાર વ્યકિત અજ્ઞાત આનંદમાં હોય છે. સારા સુંદર અનુભવો વિચારે છે. ઈશ્વર પ્રતયે શ્રધ્ધા પ્રેમથી કોઈ દુઃખ થતું નથી.

'લાઈફ બિયોન્ડ' પુસ્તકનાં જે અનુભવો લખ્યા છે તે અનુભવો વાંચતા જેવા છે. પરંતુ વિજ્ઞાનના આધારે આવું લખાણ હોય તો આ બાબત ઘણી પોઝીટીવ ગણાય.માનસીક શાંતી આપવા માટે પણ હોય તો સારું કહેવાય યોગી મહાપુરુષોના અનુભવો વાંચવાથી ફાયદો છે. જીજ્ઞાસુઓ લોબસેગ રામ્પા ( L0B SANG RAMPA) ''યુ ફોર એવરળ'' વિસ્તારપૂર્વક વર્ણન કર્યુ છે. આ વિશે આધ્યાત્મીક મનોવિજ્ઞાનમાં ખૂબ સંશોધન અભ્યાસ થાય તેવી મારી માગણી છે. શસ્ત્રો, લડાઈ, પાછળ ખર્ચ કરવા કરતા માનવભર્યુ હિત શેમાં છે. માનવજાત વધુને વધુ સુખી થાય લાબું આયુષ્ય ભોગવે તેવો પ્રયત્ન વિજ્ઞાન કરે. ભૌતિક દેહનો અંત નથી અનંત છે અસિતીત્વ કાયમ રહે છે. આ સત્યની શોધ અદભુત આનંદાયક નથી?

# ૩ માર્ચ : વર્લ્ડ હીયરીંગ ડે : વિશ્વ શ્રવણ શકિત દિવસ


૩ માર્ચ ને વિશ્વ શ્રવણ શકિત દિવસ ઉજવવા પાછળનો હેતુ બહેરાશ પ્રત્યેની જાગૃતતા લાવવી અને સાંભળવાની (કાનની) સંભાળ રાખવાની પ્રવૃતિને પ્રોત્સાહન આપવું છે. ડબલ્યુ એચ.ઓ. પ્રમાણે અંદાજે દર ૧૦૦૦ એ ૪ વ્યકિતને સીવીયરથી પ્રોફાઉન્ડ (વધારે પડતી) બહેરાશ જોવા મળે છે.

**બહેરાશના કારણો** – વું, વારે વારે એકની એક વાત પુછવી. બાળક હોશિયાર હોવા છતા ભણવામાં કાર્યક્ષમતા નબળી પડવી આ બધાનું કારણ બહેરાશ હોઈ શકે.તો આપડે સમયસર બહેરાશની તપાસ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કરાવવી જોઈએ.

**બહેરાશની સારવાર :**

કાનની સાંભળવાની નસ સુકાય તો તેમને માટે કાનનું સાંભળ વાનું આધુનિક મશીન (હિયરીંગ એઈડ) પહેરવું જોઈએ.નાના બાળ કોમાં પણ સમયસર બહેરાશની ઓળખ થાય તો અત્યારના આધુનિક યુગમાં આધુનિક કાનના મશીન પહેરાવવાથી સાંભળી શકે અને નોર્મલ બાળકની જેમ બોલવાનો (ભાષાનો) વિકાસ થાય જેથી બાળકને બોલવાની તકલીફ આગળ જતા ન થાય.જે બાળ કને જન્મજાત બહેરાશ હોય અને તેમને મશીન પણ સાંભળવામાં કામ ન આપે તેમને કોકલીયર ઈમ્પ્લાન્ટ નામનું ઓપરેશન કરાવવું જોઈએ.બોલવાની તકલીફ જેવી કે,તોતડાપણું, હકલાવું, નાકમાંથી બોલવું, ઉંમર કરતા ઓછુ બોલવું, છોકરાનો છોકરી જેવો અવાજ વિગિરેને સ્પીચ થેરાપી બોલવાની તાલીમ લેવી જોઈએ.

**ઓડીયોજીસ્ટર અને સ્પીચ થેરાપીસ્ટ**
**(સાંભળવાની અને બોલવાની તકલીફના નિષ્ણાંત)**
**અવતાર સ્પીચ અને હિયરીંગ કલીનીક – અમરેલી**
**ગોલ્ડન પ્લાઝા, સ્ટેશન રોડ, અમરેલી.મો.૭૨૬૫૦ ૬૩૩૬૩**
**હરેશ બી. સેતા**



મોટી ઉંમરે ઉંમરના લીધે બહેરાશ આવવી મોટા અવાજ સાંભળવા જેમ કે ડી.જે. નો અવાજ હેડફોન હેન્ડસફી નો વધારે ઉપયોગ ફેકટરીમાં કામ કરતા લોકો તેમજ ઘોંઘાટ નો અવાજ

**જન્મજાત બહેરાશ :**

જન્મથી બહેરાશની તપાસ ન કરાવવી બાળકને અધુરા મહિને જન્મ થવો આંચકી આવવી, ભારેમાંથી તાવ આવવો, વિગેરે કારણ હોઈ શકે

**બહેરાશ ના આવે તે માટે ધ્યાનમાં રાખવાની બાબતોઃ**

મોટા અવાજથી મ્યુઝીક ન સાંભળો ઘોંઘાટમાં કારખાનામાં કામ કરતા લોકો ઈયર પ્લગ નો ઉપયોગ કરવો. હેડફોન, હેન્ડસફી નો ઉપયોગ ૬૦ ડેસીબલ સુધી જ અવાજ સાંભળ ો મોટો અવાજ ના રાખવો.પોતાની મેળે કાન સાફના કરો, બાળકોમાં જન્મતાની સાથે જ બહેરાશની તપાસ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કરાવો.

**બહેરાશની તપાસ કયારે અને કયાં કરાવવી**

જન્મજાત બાળકો માટે OAE અને BERA તપાસ કરાવવી જોઈએ, ૫૦ વર્ષથી મોટી ઉંમરના વ્યકિતઓ દર વર્ષે બહેરાશની તપાસ કરાવવી જોઈએ ઘોઘાટ, કારખાનામાં કામ કરતા વ્યક્તિએ દર વર્ષે બહેરાશની તપાસ કરાવવી જોઈએ. ઘરમાં સામાન્ય કરતા મોટા અવાજે ટી.વી. સાંભળ

**અવતાર સ્પીચ અને હિયરીંગ કલીનીક – અમરેલી**

અવતાર કલીનીકજે અમરેલી જીલ્લા અને પંથકનું એક એકમાત્ર માત્ર અત્યાધુનિક સાધનોથી સુસજજ કલીનીક છે. જે છેલ્લા ૫–૬વર્ષથી સાંભળવાની અને બોલવાની તકલીફ ધરાવતા દર્દીની સારવાર માટે કાર્યરત છે. જયાં જન્મજજાત બાળકોની બહેરાશની તપાસ માટે OAE અને BERA ની સુવિધા ઉપલબ્ધ છે. ૫ વર્ષથી મોટી કોઈપણ ઉંમરના દર્દી માટે બહેરાશની તપાસ જેવી કે ઓડીયોમેટ્રી (બહેરાશની ટકાવારીની તપાસ) ટીમ્પેનોમેટ્રી (ચોટેલી હાડકીની તપાસ) ઉપલબ્ધ છે. બોલવાની તકલીફ ધરાવતા બાળ કો (દર્દી) માટે આધુનિક સાધનોથી તપાસ તેમજ કોમ્પ્યુટરાઈઝ સ્પીચથેરાપી (બોલવાનીતાલીમ)ની સુવિધા ઉપલબ્ધ છે. સાંભળવાની તકલીફની સારવાર માટે સાંભળ વાના આધુનિક મશીન જેમ કે જર્મની, ડેન્માર્ક, યુએસએની કંપનીના મશીન ઉપલબ્ધ છે. જેમાં કાનની પાછળનું (બ્લુટુથ જેવા) કાનની અંદરના (કોઈને બતાય નહી તેવા) મશીન ઉપલબ્ધ છે.

**આપ સૌ વ્યક્તિ આપના કાનની તેમજ શ્રવણ શક્તિની સંભાળ રાખો અને તકલીફ જણાય તો અમારા અવતાર કલીનીકની અવશ્ય મુલાકાત લો.**

## ૦૩ માર્ચ, 'વિશ્વ વન્યજીવન દિવસ' પર્યાવરણનું જતન, આબાદ વતન, ચાલો વન્યજીવોની રક્ષાનો સંકલ્પ કરીએ

વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે ''વિશ્વ વન્યજીવન દિવસ''ની ઉજવણી કરવામાં આવેલ છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮ મી મહાસભામાં, વિશ્વભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે વર્ષે ૩ માર્ચે ''વિશ્વ વન્યજીવન દિવસ'' ની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયમાં સતત વધતું પ્રદુષણ વાતાવરણ પર એ રીતે વિપરીત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવ–જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે–ધીરે લુપ્ત થવાના આરે છે.ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારમાં ૧૯.૭૨% વન વિસ્તાર ધરાવે છે. રાજયમાં કુલ ૧૯,૬૪૭.૪૨ ચોરસ કિલોમીટર વન વિસ્તાર છે. ગુજરાતનાં ૩૩ જિલ્લામાંથી ૨૮ જિલ્લામાં વન વિસ્તાર આવેલો છે. ગીર રાષ્ટ્રીય ઉધાન અને અભ્યારણ ગુજરાતનું સૌથી મોટું વન વિસ્તાર ધરાવે છે. ગુજરાતમાં ૫૦૦૦ થી વધુ પ્રકારનાં વન્યજીવો છે. ૪૦૦ થી વધુ પ્રકારનાં પક્ષીઓ, ૫૦ પ્રકારનાં પક્ષીઓ, ૫૦ પ્રકારનાં સસ્તન પ્રાણી, ૩૫ પ્રકારનાં સરિસૃપ અને ૨૦૦૦ પ્રકારનાં જંતુઓ ગુજરાતનાં વનોમાં જોવા મળે છે.




ગુજરાત એશિયાટિક સિંહનું એકમાત્ર નિવાસસ્થાન છે. ગુજરાતમાં ગુલાબી ફ્લેમિંગો, કાળિયાર, ગુજરાતી ગેઝલ, ચિતો, રીંછ, ગૌર, ચિંકારા, સિયાળ, જંગલી બળદો જેવા ઘણા બધા પ્રકારનાં વન્યજીવો જોવા મળ છે. આ વન્ય જીવન દિવસ નિમિતે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે. રાષ્ટ્રીય ઉધાનો અને અભયારણ્યોનું નિર્માણ કરીને, ગેરકાયદેસર શિકાર અને વન્યજીવ વેપાર પર પ્રતિબંધ લાવીને, વન્યજીવ સંરક્ષણ કાયદાઓનું અમલીકરણ કરાવીને તેમજ વન્યજીવો પ્રત્યે શિક્ષણ અને જાગૃતિ ઝુંબેશ ચલાવી શકાય છે.

# 'આવશ્યકતા એની આટલી'

સ્ત્રીની પ્રથમ આવશ્યકતા સલામતી અને સલામતી આપતી વ્યવસ્થાનો એક ભાગ એટલે સંપત્તિ કે સમૃદ્ધિ હોઈ શકે. એટલે સ્ત્રીનો સંપત્તિ કે સમૃદ્ધિ માટેનો અતિરેક પોતાની સલામતીના કારણસર પણ હોઈ શકે. કારણ કે, આજે પણ ઘણી ખરી સ્ત્રીઓને લગ્ન પછી એક પાંજઢં આપી દેવામાં આવે છે. તો આ સમાજ વ્યવ સ્થાના ભાગ સ્વરૂપે જયારે તેને કહેવામાં આવશે કે બસ હવે તારે આખી જિંદગી આ પાંજરામાં શણગાર સજીને રહેવાનું છે, ઘરની બહાર નીકળીને કામ નથી કરવાનું ત્યારે એ સ્ત્રી પોતાની દરેક જરૂરિયાતો પૂરી થઈ શકે તેવી સલામતી તો શોધશે જ ને? કે જે સમાજ મુજબ જે વ્યક્તિ તેની કારકિર્દી કે આઝાદી બધું જ છોડાવી દે છે તેની પાસે તેની દરેક સુખ સગવડની વ્યવસ્થા તો તે કરાવશે જ. ને ? એમાં ખોટું શું છે ? સલામતી એનો અધિકાર છે. એટલે દરેક સ્ત્રીની પહેલી આવશ્યકતા છે સલામતી.

ત્યારબાદ સ્ત્રીને જોઈએ છે. સ્વીકાર પોતાના અંગત અસ્તિત્વનો જેમનો તેમ શરતો વગરનો સ્નેહીને સન્માન સાથેનો સ્વીકાર પછી તે પરિવારમાં હોય કે સમાજમાં. શા માટે સ્ત્રી માટે હંમેશા શરતી સ્વીકાર હોય ? કે તેના અસ્તિત્વને બદલવાની, મિટાવવાની કે ભૂલવાની કોશિશ.

શા માટે સ્ત્રી માટેના નિયમો સ્ત્રી પોતે નહીં પણ સમાજ નક્કી કરે ? શા માટે સ્ત્રીનું સ્ત્રી હોવું જ પૂરતું ન હોય ? કેમ તેના બીજા કેટલાક બીબાઢાળ નિયમો હોય સ્ત્રીને ઘરકામ આવડવું જ જોઈએ. એ ક્યા શાસ્ત્રનો નિયમ છે ? કેટકેટલી મહેનત કરી એક ઊંચાઈએ પહોંચેલી સ્ત્રીને ગૃહસ્થીના કામમાં રસ ન પડે કે ન

## અનુભૂતિનાં અક્ષરો

**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



આવડે તો શું તે સ્ત્રી મટી જાય ? ગૃહસ્થીની જવાબદારી સ્ત્રી માટે જ ફરજિયાત વિષય શા માટે? હોટેલ બિઝનેસમાં તો શેફ મોટાભાગે પુઢષ મિત્રો જ હોય છે. સ્ત્રી છે એટલે સહનશક્તિ તો હોવી જ જોઈએ. આવું કયા ગ્રંથમાં લખેલું છે કે સ્ત્રી જો સહન કરે તો જ તે શક્તિ બાકી નહીં ? શું સહનશક્તિથી વધુ જરૂર સ્ત્રીમાં સમજ શક્તિની ન હોવી જોઈએ ?

ત્યારબાદ આવે છે સહકાર સ્ત્રીને કોઈ પણ ક્ષેત્રે પછી તે પારિવારિક હોય કે સામાજિક દરેક સ્તરે જરૂર છે સહકારની. આ પુઢષપ્રધાન સમાજમાં પુઢષો તરફથી અને કેટલીક જડ વિચારધારા ધરાવતી સ્ત્રીઓ તરફથી પણ. દરેક સ્ત્રી ઘણું બધું કરવા સમર્થ ને સક્ષમ છે. તેને માત્ર પોતાની આસપાસની દરેક વ્યક્તિનો તેના દરેક નિર્ણયમાં વિશ્વાસપૂર્ણ સહકાર જોઈએ છે. અને તેના વ્યક્તિત્વનો કોઈ પણ ફૂદડી વાળી શરતો લગાડ્યા વગરનો આદર સાથેનો સ્વીકાર જોઈએ છે. બાકી જે સ્ત્રી ઘરનેમકાન બનાવી શકે છે, રણને ઉત્પન્ન બનાવી શકે, અને નવ નવ મહિનાની કપરી કસોટીઓ વેઠીને પોતાના ગર્ભમાં એક પુઢષને પણ સાચવી શકે ને પોતાના સ્ત્રી શરીરથી એ પુઢષને જન્મ આપી શકે એ સ્ત્રી નબળી તો કેવી રીતે હોઈ શકે? એ નબળી ક્યારેય હતી જ નહીં, પણ તેની રીત રિવાજ, સમાજ, પરંપરા કે સંબંધોની મજબૂરીના નામે કાયમ નબળી પાડવામાં આવી છે, તેનું મનોબળ તોડવામાં આવ્યું છે.

આખી દુનિ યા સામે દ્વંદ લડી શકનારી સ્ત્રી પોતાનાઓ સામે હથિયાર હેઠા મૂકી દે છે. તો આવી દરેક સ્ત્રીની તાકાત બનવું કમજોરી નહીં. આપણી આસપાસની દરેક સ્ત્રી રોજ એક લડાઈ લડે છે. રોજ કેટ કેટલીય વખત સાબિત થાય છે. પ્રશ્નોની પરીક્ષામાં પોતાને પુરવાર કરે છે અને આ પ્રથા દરેક સ્ત્રી માટે છે પછી તે કામ કરતી સ્ત્રી હોય કે ગૃહિણી. માત્ર સવાલો બદલાય છે રીત નહીં. તો ક્યાં સુધી સ્ત્રી આમ જ સવાલોના જવાબ આપશે.

કેમ આ પરીક્ષાની પ્રથા કે પરંપરા પુઢષો માટે નથી? તો સ્ત્રીઓ માટે શું કામ? બંને એકમેકના પૂરક છે. તો પછી એકમેકના અસ્તિત્વના સ્વીકારમાં આટલો અલગાવ શા માટે? આવું કેમ? ખરેખર સ્ત્રીને સલામતી, સ્વીકાર, ને સહકાર મળે તો ઈતિહાસ બદલવાની એની તાસીર છે. એને માત્ર નિર્વિવાદ સ્વીકારની આવશ્યકતા છે. 'નારી તો સદા સર્વત્ર નારાયણી છે'.

### ધારાસભ્ય જનક તળાવીયાનાં વરદહસ્તે

# બાબરા : અમરાપરા ખાતે નવનિર્મિત પ્રાથમિક શાળાનાં મકાનનું કરાયુ લોકાર્પણ

## ભાજપ અગ્રણી નીતિન રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા

બાબરા, તા. ૨

બાબરા તાલુકાના અમરાપરા ગામ ખાતે અમરાપરા પ્લોટ પ્રાથમિક શાળાના નવા બિલ્ડીંગનો લોકાર્પણ કાર્યક્રમ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના વરદ હસ્તે યોજાયો હતો. આ તકે ભરતભાઈ સુતરીયા, ભીખાભાઈ ધોરાજીયા, નિતિનભાઈ રાઠોડ, હિંમતભાઈ દેત્રોજા, બાબુભાઈ રામાણી, બી.કે. ભારદીયા, પ્રવિણભાઈ કરકર, મુકેશભાઈ ખોખરીયા, હરેશભાઈ આખજા, મધુભાઈ ખોખરિયા, અજીતભાઈ ખોખરીયા, રાજુભાઈ સોરઠીયા તથા તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ઈમારત ઉપરાંત આધુનિક કમ્પ્યુટર લેબ અને સ્માર્ટ કલાસનું અનાવરણ કરવામાં આવેલ. શિક્ષણ વિભાગ તથા સમગ્ર શિક્ષા અભિયાનના



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સયુંકત ઉપક્રમે આ નવુ બિલ્ડીંગ આકાર પામ્યુ હતુ. આ તકે સોનિયાબેન કોટડીયા (તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી)તથા નિતિનભાઈ ચાવડા(બી.આર.સી. કો.ઓર્ડીનેટર), શિવરાજભાઈ ખાચર (સી.આર.સી.), સંજયભાઈ વસાણી (મંત્રી તાલુકા સંઘ), શાળાના ભૂતપૂર્વ આચાર્યો શરદભાઈ સોલંકી, દીપકભાઈ દવે તેમજ પે સેન્ટર આચાર્ય તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. શાળાની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા સ્કૂલ મેનેજમેન્ટ કમિટી તથા અશોકભાઈ અસલાલીયા સરપંચ તથા શિવરાજભાઈ વાળા ઉપસરપંચ, ગ્રામજનો, આચાર્ય પંકજભાઈ રામાણી તથા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના ભૂતપૂર્વ આચાર્ય દીપકભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું.

### ૧૫ ઉમેદવારોમાં ૨ મહિલા અને ૧૦–૧૨ જુના જોગીઓ

# ગુજરાતમાં ભાજપને નવા યુવા અને મહિલા ચહેરાઓ કરતા જુનાજોગીઓ ઉપર વધારે વિશ્વાસ

## ભાજપ હાઈકમાન્ડ મહત્વની ચુંટણીમાં કોઈ જોખમ ઉઠાવવા તૈયાર નથી

અમરેલી તા. ૨

ગુજરાતની ૧૫ લોકસભા બેઠક ઉપર આજે ભાજપે ૧૫ ઉમેદવારોન નામની જાહેરાત કરી છે જેમાં નવા યુવા અને મહિલા ચહેરાઓની પસંદગી ન કરીને હાઈ કમાન્ડે જુના જોગીઓને જ મેદાનમાં ઉતાર્યા છે.

પ્રધાનમંત્રી જાહેર સભામાં હંમેશા યુવાઓ અને મહિલાઓની ચિંતા કરતા ભાષણ કરતાં હોય છે પરંતુ જયારે, યુવા અને મહિલા ચહેરાને ઉમેદવાર બનાવવાની વાત આવી ત્યારે, તેઓએ જુના જોગીઓ ઉપર વધારે વિશ્વાસ હોય તેવુ જોવા મળી રહયું છે.

ગુજરાનાં જાહેર થયેલ ૧૫ નામોની સમીક્ષા કરીએ તો ૧૦ થી ૧૨ જુના જોગીઓ છે. માત્ર ૩ થી ૪ નવા ચહેરાની પસંદગી થઈ છે ૧૫ માંથી માત્ર ૨ મહિલાઓને ટિકિટ આપવામાં આવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી–સાવરકુંડલા માર્ગ ઉપર આવેલ

શોધખોળ માટે પોલીસે સીસીટીવીમાં કેદ થયેલ આરોપીની શોધખોળ શરૂ કરી હતી. પરંતુ આરોપીને ઝડપી પાડવા માટે થઈ પોલીસ તંત્રને પણ પગે પરસેવો આવી ગયેલો હતો.

પોલીસે ૬૦૦ જેટલા વ્યકિતઓના ઈન્સ્ટ્રોંગેશન બાદ ૧ આરોપીની અટકાયત કરી પોલીસે આજના અલગ અલગ આધુનિક માધ્યમ વડે કરવામાં આવી હતી. GAIT PATTERN ANALYSIS SDS તેમજ LVA ટેસ્ટ મારફતે ગાંધીનગર ટેસ્ટમાં એક શખ્સની પોલીસે અટકાયત કરી લીધી હતી.

સાવરકુંડલાના એક આશ્રમના સાધ્વી પર થયેલ અત્યાચારનો મામલો પોલીસ માટે કોયડો સાબિત થયેલો હતો. પણ પોલીસે ૬૦૦ વ્યકિતઓના ઈન્સ્ટ્રોંગેશન કર્યા હતા અને તે સમયે માર્ગ પર નીકળેલા જેટલા પણ વાહનો સાથે ડ્રાઈવરોની પણ સીસીટીવીમાં કેદ થયેલ વ્યકિત જોડે મેચ કરવામાં કમર કસેલી પણ છેલ્લે સાવરકુંડલાના ચરખડીયા ગામના શખ્સની ધરપકડ કરીને હતી. આ પ્રકરણમાં આરોપીનું નામ પોલીસે જાહેર કર્યુ નથી.

પોલીસ ધારે તો શું ના કરી શકે તે આજના આધુનિક અને ટેકનોલોજીના યુગમાં અમરેલી પોલીસ માટે કોયડો સાબિત થયેલો હતો. ત્યારે સાધ્વી પ્રકરણમાં ચરખડીયા ગામના આરોપીની ધરપકડ કરીને પ૯ ગુન્હાના મોસ્ટ વોન્ટેડ બુટલેગરની ધરપકડ બાદ વધુ એક ગુન્હો ડીટેકશન કરીને અમરેલી પોલીસ તંત્રે કાબિલે દાદ કામગીરી કરી બતાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલા પાલિકાનાં પૂર્વ પ્રમુખ અને

આ ભ્રષ્ટાચાર થયો હોવાનું જણાવ્યું છે. ગત માર્ચ ૨૦૨૧થી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીના અઢી વર્ષના શાસનકાળ દરમિયાન જનતા જનાર્દનના ટેકસના પૈસાનો ભ્રષ્ટાચાર કરી રૂપિયા પ કરોડના ખોટા બીલો બનાવી રૂપિયા ઘર ભેગા કર્યા છે. ગુજરાત ગેસ કંપની દ્વારા સાવરકુંડલા શહેરમાં ઘેરઘેર ગેસ કનેકશન આપવા માટે જે રોડ રસ્તાઓ ખોદવામાં આવેલ છે તેને રિપેર કરવા માટે એડવાન્સ રકમ રૂપિયા ૧ કરોડ ૨૯ લાખ નગરપાલિકામાં જમા કરાવેલ છે તે રકમનો હેતુફેર કરી ખોટા બીલો બનાવી ચૂકવી દીધેલ છે. તથા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના વર્ષ ૨૦૨૨–૨૩ની ગ્રાન્ટ પેટે સાવરકુંડલા નગરપાલિકામાં રૂપિયા ૮,૫૯,૧૯,૫૦૦ (રૂપિયા આઠ કરોડ ઓગણસાઈઠ લાખ ઓગણીસ હજાર પાંચસો)ની રકમ જમા થયેલ છે જેમાંથી રૂપિયા ૭ કરોડ ૨૫ લાખની રકમનું સીસી રોડ તથા પેવિંગ બ્લોકનું ટેન્ડર કરી કામ ચાલુ કરેલ છે અને રૂપિયા ૧ કરોડ ૩૫ લાખની રકમના ડામર રોડનું કામ નહીં કરી હેતુફેર કરી આ મસમોટી રકમના ખોટા બીલો બનાવી ચૂકવી દીધેલ છે. તદઉપરાંત ઈમ્પેકટ ફી પેટે આવેલ રૂપિયા ૭૮ લાખ અને મહુવા રોડ પ્રેસ માર્કેટની દુકાનોની રેગ્યુલેશન ફીના ૨૦% લેખે રૂપિયા ૧ કરોડથી વધુની રકમના પણ હેતુફેર કરી ખોટા બિલો બનાવી રકમ ચૂકવી દીધેલ છે. આમ ઉપરોકત ગેસ કનેકશન, રોડ રસ્તા રીપેર, ડામર રોડની ગ્રાન્ટ, ઈમ્પેકટ ફી, પ્રેસ માર્કેટ રેગ્યુલેશન ફી પેટેની ૨૦% રકમ વિગેરે મળી કુલ રૂપિયા પાંચ કરોડ જેટલી રકમનો વધુ ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે અને સાવરકુંડલા શહેરના લોકો સાથે દ્રોહ કરવામાં આવ્યો છે. દેશના પ્રમાણિક અને ભ્રષ્ટાચાર વિરોધી વડાપ્રધાન અને રાજય સરકાર દ્વારા ભ્રષ્ટાચારને નેસ્તનાબૂદ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને ચીફ ઓફિસરની મીલીભગતથી પ્રથમ રૂપિયા ૧૮ કરોડ અને હવે રૂપિયા ૫ કરોડ મળી કુલ રૂપિયા ૨૩ કરોડનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે અને હજુ ભવિષ્યમાં આ ભ્રષ્ટાચારી પ્રમુખ અને તેના મળતીયાઓના વધુ ભ્રષ્ટાચારના પુરાવા મળી આવે તો નવાઈ નહીં. આ અંગે સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા સંબંધિત વિભાગમાં રજૂઆત કરી પગલાં ભરવા જણાવેલ છે.

### બનાવટી બાવા પાસેથી માદક પદાર્થ, ચલમની ઘુંટ ભારે પડશે

# શિવરાત્રીના મેળામાં બનાવટી નાગા બાવાથી સાવધાન : વિજ્ઞાન જાથા

## પાછલા વર્ષોમાં બનાવટી બાવાથી અનેક લોકો છેતરાયાના કિસ્સા ચોંકાવનારા સાબિત

અમદાવાદ, તા. ૨

જુનાગઢમાં મહાકુંભ શિવરાત્રી–મેળાનો દરજ્જો મળ્યો છે ત્યારથી સરકારી તંત્રે ખાસ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાથી શ્રદ્ધાળુઓ માટે લાભપ્રદ સાબિત થવાનું છે. મેળામાં ઠેરઠેર છુપીઆ કેમેરા ગોઠવવાના કારણે છેતરપિંડી, અશોભનીય વર્તન, વાણી, વ્યવહાર ઉપર નિયંત્રણ રહેશે તેમાં બેમત નથી. આ વર્ષે મેળો માર્ચ ૫ મીથી માર્ચ તા. ૮ સુધી યોજાવાનો છે જેમાં સૌ કોઈને આદર સાથે ધાર્મિક અહોભાવ જોવા મળે છે. પાછલા વર્ષોમાં પરપ્રાંતિય સાથે બનાવટી નાગા બાવાના તર્કટથી અનેક શ્રદ્ધાળુઓ ભોગ બન્યાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. વર્તમાન સ્થિતિ ધ્યાને રાખી પુરતી તકેદારી સાથે બનાવટી નાગા બાવાના અંગ કસરતો, પ્રસાદ, ચલમની ઘુંટ, કેફી પદાર્થ ઉન્માદના કારણે પીવાથી પોતાના શરીર ઉપરની કિંમતી વસ્તુઓ, રૂપિયાના પાકીટ, સોનાના ચેઈન, દાગીના ગુમ ન થાય તે માટે ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી લોકોને સાવધાની રાખવા અનુરોધ કરે છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે પાછલા નવ–દશ વર્ષથી મેળા ઉપરાંત બનાવટી વેશભૂષામાં ધાર્મિક વેશ પરિધાન, નાગા બાવાનું તર્કટ રૂપ ધારણ કરીને લોકો સાથે છેતરપિંડીના કિસ્સામાં જાથાએ નજરે જોઈ પર્દાફાશ કર્યા હતા. તેમાં મદારી અને ગુન્હાહિત માનસ ધરાવતા લેભાગુ બનાવટી વેશ ધારણ કરી પોતાના શરીર ઉપર અંગ કસરત, કેફી પીણું, પ્રસાદમાં મિશ્રણ કરી બેશુદ્ધ અવસ્થાનો લાભ લેતા નજરે પડયા હતા તેવા અનેક કિસ્સા જાથાએ લોકો સમક્ષ મુકયા છે તેના કારણે દર વર્ષ જુનાગઢ શિવરાત્રીના મેળામાં સર્વાંગી સાવધાની રાખવા લોકોને જાગૃત કરવામાં આવે છે. જાથા ઈશ્વર–ભગવાન વિરોધી સંસ્થા નથી. સાચા સાધુ–સંતો પ્રત્યે કાયમ આદર રાખે છે. સરકાર તરફના તકેદારીના પ્રયાસો સરાહનીય જોવા મળે છે તેનો જાથાને આનંદ છે. વધુમાં જાથાના પંડયા જણાવે છે કે મેળામાં બનાવટી રાવટી, ધાર્મિક માહોલ, આકર્ષણ થાય તેવા ભકિત–ભાવ, શ્રદ્ધાનો ઉન્માદ જોવા મળે તેવા તર્કટ તંબુમાં પ્રવેશતા ત્યાં આપવામાં આવતો પ્રસાદ, ચલમ કે કેફી દ્રવ્ય પીતા સાવધાની રાખવા જાથા અપીલ કરે છે. બનાવટી બાવા ખાસ કરીને યુવાવર્ગને નિશાન બનાવી ચલમની ઘુંટનો આગ્રહ રાખી યેનકેન છેતરપિંડી કરે છે. બેભાન અવસ્થામાં આવતાની સાથે શરીર ઉપરની ચીજવસ્તુ ગાયબ થઈ જાય છે અને રાવટી બહાર ચાલાકીથી મોકલી આપે છે તેથી ભાનમાં આવતા સાચી ખબર ન પડવાનો લાભ બનાવટી બાવા તેના સાગ્રીતોની મદદથી કરી લે છે તેથી સભાનતા રાખવા જાથા અનુરોધ કરે છે. પાછલા વર્ષોમાં તો બનાવટી નાગા બાવાની ફૌઝ ઉતરતી તેના કારણે અનેક છેતરાયા હતા. શંકાસ્પદ વસ્તુ, પીણું કે અંગ કસરતમાં ઘડીયાળ, વીંટી મુકવી નહિ, મોહ–માયામાં આવી જાવું નહિં તેવું જાથા જણાવે છે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૪મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વ રોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા. ૨

ચલાલા વિવિધ સેવાકીય કર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા, ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૧૩/૦૩/૨૦૨૪બુધવાર ના રોજ ૨૬૪મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

જયશ્રીબેન કાચલીયા – નાસિક ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આભારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞ માં દાત ના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબિટીશ, પેટના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

હરિબા મહિલા કોલેજ માં દીકરી માટે બી.પી.ઈ.સ(સ્પોટસ), આર્ટસ, કોમર્સ, બી.સી.એ. જેનું પ્રવેશ કાર્ય શરુ છે.

ઉપકરોત સ્થળે દર મહિના ના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પ માં ઉપકરોત તમામ સારવાર વિના મૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુ ના ગામો માંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાના વડા રતિદાદા ની એક યાદીમાં જણાવાયું છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા શહેરમાં રૂપિયા ૭.૫૦ કરોડનાં

પાલિકા સતાધીશો દ્વારા ખાસ ફિલ્ડવર્ક કરીને એકપણ માર્ગ રહી ના જાય અને સાવરકુંડલા શહેર સુંદર અને રળિયામણું બનાવવા માટે પાલિકા સતાધીશો સક્રિય કામગીરીઓ કરી રહ્યા છે જયારે પાલિકાની થતી દરેક કામગીરીઓ પર સતત પ્રયાન કેન્દ્રિત રાખતા ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારાસાવરકુંડલા શહેરના આઉટડોર વિસ્તારોને ખાસ લક્ષમાં રાખીને આવા માર્ગો પણ નવીનીકરણ થાય ને શહેરની શોભામાં અભિવૃદ્ધિ થાય તેવા અભિગમ સાથે ધારાસભ્ય કસવાળાએ હાથસણી રોડ, જેસરરોડ, ભુવારોડ અને મહુવા રોડ જેવા વિસ્તારો પર પાલિકા દ્વારા ધારાસભ્ય મહેશ કસવાળા ના વરદહસ્તે ખાત મુહર્ત કરવામાં આવ્યું હતું સંગાથે મહુવા રોડના નિર્દોષાનંદ વાટિકા ખાતે ૮૦–૨૦ ની યોજનાના ૪૫ લાખના સીસીરોડ નું પણ ધારાસભ્ય કસવાળ ાએ ખાત મુહર્ત કર્યુ હતું આ પ્રસંગે પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચેહાણ, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, રાજુભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, અનીઢધ્ધસિંહ રાઠોડ સહિતના તમામ પાલિકાના સપ્રસ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરા એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી લોકસભા બેઠકનાં

મહિલા દાવદારોમાં ટિકિટ મેળવવાનો આત્મ વિશ્વાસ ડગમગી જતો હતો. કારણ કે કદાવર નેતાનું નામ ચર્ચામાં હોવાથી અન્ય દાવેદારો સ્વાભાવિકપણે પોતાને ટિકિટ મળશે તેવો દાવો કરી શકતા નહતા. હવે જયારે કદાવર નેતાને રાજકોટની ટિકિટ મળી જતાં યુવા ચહેરા મુકેશ સંઘાણી, કૌશિક વેકરિયા, મહેશ કસવાલા, હિરેન હિરપરા તેમજ ગોપાલ વસ્તરપરા, બાવકુભાઈ ઉંઘાડ સહિતનાં અન્ય દાવેદારોમાં ટિકિટ મળવાનું આશાનું કિરણ ઉભું થયેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં મોટા જીંજુડા ગામે

સાવરકુંડલા શહેર કોંગ્રેસ સેવાદળ પ્રમુખ, ઈમરાનભાઈ જાદવ, સોહીલભાઈ શેખ એનએસયુઆઈ જીગ્નેશભાઈ બગડા ચેરમેન સામાજિક ન્યાય સમિતિ આંબરડી, વનરાજભાઈ ખંઢેલા, પ્રકાશભાઈ બગડા વગેરે આગેવાનો હાજર રહ્યા હતા અને જો કંપની વિરૂધ્ધ કાર્યવાહી નહી કરવામાં આવે તો આગામી દિવસોમાં પ્રાંત કચેરીએ ઉપવાસ આંદોલન, ગુજરાત વિધાનસભા બહાર ઉપવાસ આંદોલન તેમજ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવાની ફરજ પડશે. તેવી ચીમકી પણ ઉચારવામાં આવેલ હતી.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલા ખાતે યોજાયેલ સીઆરઝેડએમની

રાખવાની જાહેરાત કરીને એક્સપર્ટ કમિટીને જાણ કરીને નવી તારીખો જાહેર કરવામાં આવશે તેવું જણાવતા આજની લોક સુનાવણીની તારીખો હવે પછી જાહેરાત કરવામાં આવશે તેવું કલેક્ટરશ્રી દહિયા એ જણાવેલ છે. આજની આલોક સુનાવણીમાં પર્યાવરણ વિવિધ અને એડવોકેટ એવા અરવિંદકુમાર, અજય શિયાળ પર્યાવરણ વિવિધ અને પત્રકાર ચેતન વ્યાસ તેમજ પર્યાવરણવિદ વિપુલ લહેરી અને પત્રકાર મનિષ મહેતા ચંદુભાઈ પટેલ, વિકમભાઈ ઘાખડા રામપરા ગામના સરપંચ સનાભાઈ વાઘ અને કાળુભાઈ વાઘ તેમજ શિયાળ બેટના ચિથરભાઈ મોટી સંખ્યામાં હાજર રહેલ ગ્રામજનો અને માછીમાર સમાજના લોકો પણ હાજર રહ્યા હતા.


M.B.A. Sem.-III – સંકુલ પરિણામ
GTU ટોપટેનમાં સંકુલની કોલેજ પ્રથમ સ્થાને

★ શૈક્ષણિક વર્ષ ૨૨–૨૩ M.B.A. Sem. - III – GTU નું પરિણામ 78% જ્યારે સંકુલનું પરિણામ 97%

સંકુલ રેન્કર SPI ★ અણઘણ દ્રષ્ટિ–9.63 ★ ભંડેરી રશ્મી–9.63 ★ બાંભરોલીયા બીઝા–9.50 ★ પરમાર સોનલ–9.38 ★ ગઢીયા બંસી–9.38

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

Ad095


### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૩ | ૧૫૬૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૨૫૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૬૮ |
| ૩ | શિંગદાણા | ૧૨૬૦ | ૧૪૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૬૩૦ | ૨૭૮૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૭૬૦ | ૪૦૬૦ |
| ૬ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૭૯ |
| ૭ | ઘઉં લોકવન | ૪૧૨ | ૫૪૩ |
| ૮ | ચણા | ૮૫૦ | ૧૧૨૦ |
| ૯ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૯૫ |
| ૧૦ | તુવેર | ૧૫૦૦ | ૧૯૧૯ |
| ૧૧ | વાલ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૨ | કપાસ | ૧૦૫૦ | ૧૫૭૪ |
| ૧૩ | એરંડા | ૧૦૩૭ | ૧૦૮૩ |
| ૧૪ | જીરૂ | ૩૩૩૦ | ૫૩૦૫ |
| ૧૫ | રાયડો | ૮૦૦ | ૮૮૬ |
| ૧૬ | રાય | ૧૦૫૦ | ૧૦૮૬ |
| ૧૭ | ધાણા | ૧૩૦૦ | ૧૮૯૦ |
| ૧૮ | ધાણી | ૧૩૮૦ | ૩૧૦૦ |
| ૧૯ | મેથી | ૧૧૪૫ | ૧૨૪૬ |
| ૨૦ | સોયાબીન | ૭૨૦ | ૮૨૦ |
| ૨૧ | સુર્યમુખી | ૭૦૦ | ૭૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૬૧૨ |
| ૨ | ધાણા | ૧૨૧૫ | ૧૭૨૫ |
| ૩ | તુવેર | ૧૪૯૦ | ૧૮૭૦ |
| ૪ | ઘઉં | ૪૩૫ | ૫૬૫ |
| ૫ | ચણા | ૧૦૪૧ | ૧૧૨૯ |
| ૬ | જીરૂ | ૪૧૨૫ | ૫૦૭૫ |
| ૭ | મેથી | ૧૧૩૦ | ૧૧૯૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૭૦ | ૧૨૪૧ |
| ૨ | શીંગ મોટી | ૯૩૦ | ૧૨૭૧ |
| ૩ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૯૩૫ |
| ૪ | તલ કાળા | – | ૨૯૦૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૫૩૨૫ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૧ |
| ૯ | બાજરો | ૪૧૧ | ૫૪૬ |
| ૧૦ | જુવાર | ૫૫૦ | ૮૪૫ |
| ૧૧ | મકાઈ | ૪૫૦ | ૬૦૦ |
| ૧૨ | મગ | – | ૧૭૦૬ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૪ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૫૦ | ૧૪૬૧ |
| ૧૫ | તુવેર | ૧૫૭૫ | ૧૯૦૦ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૦૭૪ |
| ૧૭ | રાય/રાયડો | ૮૨૫ | ૧૨૨૫ |
| ૧૮ | ધાણા | ૧૨૦૦ | ૨૪૦૦ |
| ૧૯ | સોયાબીન | – | ૮૫૯ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૩ | ઘઉં | ૪૩૯ | ૫૦૦ |
| ૪ | ચણા | ૧૦૬૨ | ૧૦૮૬ |
| ૫ | મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| ૬ | છોલે ચણા | ૧૯૯૧ | ૧૯૯૧ |
| ૭ | ધાણા | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૮ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૯ | મેથી | ૧૧૭૬ | ૧૧૭૬ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૮૬૦ | ૨૮૬૦ |
| ૨ | કપાસ | ૧૨૦૦ | ૧૬૧૦ |
| ૩ | બાજરો | ૪૩૦ | ૫૧૩ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૧૨ | ૬૦૬ |
| ૫ | જુવાર | ૪૩૨ | ૮૫૧ |
| ૬ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | તુવેર | ૧૪૦૫ | ૧૪૦૫ |
| ૯ | ચણા | ૯૫૧ | ૧૧૨૫ |
| ૧૦ | જીરૂ | ૪૧૫૧ | ૪૯૦૧ |
| ૧૧ | એરંડી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૧૨ | રાજગરો | ૧૭૮૦ | ૧૭૮૦ |
| ૧૩ | સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૭ | ૧૫૫૧ |
| ૨ | ચણા | ૧૦૫૫ | ૧૦૯૨ |
| ૩ | જુવાર સફેદ | ૭૫૦ | ૭૫૦ |
| ૪ | ઘઉં | ૫૫૫ | ૫૫૫ |
| ૫ | રાય | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૬ | ધાણા | ૧૨૨૫ | ૧૨૫૨ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૨ | ચણા | ૯૮૫ | ૧૦૯૫ |
| ૩ | તલ | ૨૪૦૦ | ૨૫૪૫ |
| ૪ | મગ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૭ | ૪૫૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૩૮ | ૪૫૬ |
| ૮ | તુવેર | ૧૫૦૦ | ૧૬૧૫ |
| ૯ | અડદ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| ૧૦ | બાજરો | ૪૬૭ | ૪૬૭ |

### ખેતી પાકને નુકસાનની ભીતિથી ધરતીપુત્રોની વધી ચિંતા

# કચ્છ, દ્વારકા અને ધાનેરામાં વહેલી સવારથી વરસાદ વરસ્યો

## માવઠાની આગાહી વચ્ચે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં તાપમાનમાં ઘટાડો થતાં આજથી ત્રણ દિવસ સુધી ઠંડીમાં વધારો થઇ શકે છે

ગાંધીનગર, તા.૨

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે. અગાહીની વચ્ચે કચ્છમાં વરસાદી ઝાપટા પડ્યા છે. વહેલી પરોઢથી કચ્છમાં અનેક વિસ્તારોમાં ઝાપટા પડ્યા છે. ભુજ, અંજાર, મુંદ્રા, ગાંધીધામ સહિત વિસ્તારમાં વરસાદ છે. હવામાન વિભાગ દ્વારા ૨ દિવસની વરસાદની આગાહી કરવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પાક નુકસાનની ભીતિ છે, જેના કારણ ધરતીપુત્રોની ચિંતા વધી છે. બનાસકાંઠાના ધાનેરા ના બોર્ડર વિસ્તારના ગામડાઓમાં વરસાદ શરૂ છે. બાપલા, વકતાપુરા, માલોતરા, કુંડી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ છે, જેના કારણે રાયડો, જીરું, વરિયાળી, બટાકા, સહિતના પાકમાં નુકસાનની શક્યતા છે. આકાશમાં કાળા વાદળો અને વીજળીના ચમકારા વચ્ચે વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન સાથે વરસાદની શરૂઆતથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હવામાન વિભાગે ૨૧ જિલ્લામાં વરસાદનું એલર્ટ આપ્યું છે. એક સાથે બે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા હવામાન વિભાગે રાજ્યના કેટલાક જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. ચારેય ઝોનના કુલ ૨૧ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદનું અનુમાન છે. માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સર્જાયેલા સાયક્લોનિક સિસ્ટમના કારણે રાજ્યમાં કમોસમી વરસાદની શક્યતા પ્રબળ બની છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે સવારથી જ દેવભૂમિ દ્વારકામાં વાતવરણમાં અચાનક પલટો જોવા મળ્યો સવારથી ઠંડા પવન અને વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસતા વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. જો કે કમોસમી વરસાદે ખેડૂતોનો ચિંતામો ચોક્કસ વધારો કર્યો છે. અગાહીની વચ્ચે કચ્છમાં વરસાદી ઝાપટા પડ્યા છે. વહેલી પરોઢથી કચ્છમાં અનેક વિસ્તારોમાં ઝાપટા પડ્યા છે. ભુજ, અંજાર, મુંદ્રા, ગાંધીધામ સહિત વિસ્તારમાં વરસાદ છે. હવામાન વિભાગ દ્વારા ૨ દિવસની વરસાદની આગાહી કરવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પાક નુકસાનની ભીતિ છે, જેના કારણ ધરતીપુત્રોની ચિંતા વધી છે. બનાસકાંઠાના ધાનેરા ના બોર્ડર વિસ્તારના ગામડાઓમાં વરસાદ શરૂ થયો છે. બાપલા, વક્તાપુરા, માલોતરા, કુંડી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ છે, જેના કારણે રાયડો, જીરું, વરિયાળી, બટાકા, સહિતના પાકમાં નુકસાનની શક્યતા છે. આકાશમાં કાળા વાદળો અને વીજળીના ચમકારા વચ્ચે વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન સાથે વરસાદની શરૂઆતથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. માવઠાની આગાહી વચ્ચે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં તાપમાનમાં ઘટાડો થતાં આજથી ત્રણ દિવસ સુધી ઠંડીમાં વધારો થઈ શકે છે.

ઠંડીની આગાહી સાથે અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વચ્ચે વરસાદ થયો હતો. બદલતા વાતાવરણ વચ્ચે આગામી ત્રણ દિવસ લઘુતમ તાપમાનનો પારો ગગડીને ૧૪ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. કમોસમી વરસાદની આગાહીને પગલે રાજ્યના ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. કેરી સહિતના પાકને નુકસાનની ભિતી સેવાઈ રહી છે. કેટલાક માર્કેટ યાર્ડોમાં તૈયાર જણસને સુરક્ષિત સ્થળે ખસેડી લેવાની ખેડૂતો અને માર્કેટ યાર્ડના સત્તાધીશોને સ્થાનિક સ્તરે સૂચના અપાઇ છે.

### ૬.૪૨ લાખના સોનાની બિસ્કીટ મળી આવ્યા

# મુન્દ્રાથી પકડાયેલા કસ્ટમ સુપ્રિટેન્ડન્ટના બેંક લોકરમાંથી ૯ લાખ રોકડ મળી આવી

## ઘરેથી પણ પોણા પંદર લાખ રોકડ કબજે કરાયા હતા આમ કુલ ૨૩ લાખ જેટલા રોકડ મળી આવ્યા હતા

અમદાવાદ, તા.૨

કચ્છના મુન્દ્રા પોર્ટ પર ભ્રષ્ટાચારની ફરિયાદ થતાં એસીબીએ કસ્ટમના બે અધિકારીઓને પકડી પાડ્યા હતા. આ કેસમાં બંને વરિષ્ઠ અધિકારીઓના ઘરે તથા અન્ય સ્થળો પર સર્ચ ઓપરેશોન હાથ ધરાયા હતા. જેમાં સુપ્રિટેન્ડન્ટના ઘરેથી એસીબીને સર્ચ દરમિયાન પોણા પંદર લાખ રુપિયાની રોકડ મળી આવી હતી. જોકે બેંક લોકર એસીબીએ ખોલતા તેમાંથી ૮.૯૭ લાખ રોકડા અને ૬.૪૨ લાખના સોનાની બિસ્કીટ મળી આવ્યા છે. આમ એસીબીને સુપ્રિટેન્ડન્ટ પાસેથી જ રોકડા ૨૩ લાખ જેટલી મોતબર રકમ મળી આવી હતી.

હજુ પણ અન્ય બેંકોમાં લોકર છે કે કેમ તેની તપાસ હાથ ધરવામાં આવી છે. આ કેસમાં વિગતો એવી છે કે, એસીબીએ ૧ લાખની લાંચની માંગણી કરનાર સુપ્રિટેન્ડન્ટ શૈલેષ ગંગદેવ, સુપ્રિટેન્ડન્ટ આલોક દુબે અને વચેટીયા રમેશ ગઢવીની ધરપકડ કરી હતી. આરોપીઓ રંગેહાથે ૧ લાખની લાંચ લેતા ઝડપાઇ ગયા હતા. આરોપીઓ સામે એસીબી ભુજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાયો હતો. જેમાં તમામ આરોપીઓના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં શૈલેષ ગંગદેવના મુન્દ્રા નિવાસ્થાનેથી પોણા પંદર લાખની રોકડ રકમ મળી આવી હતી.

જેનો કોઇ હિસાબ મળી આવ્યો ન હતો. આ અંગે તેમને પણ પુછતા તેઓ યોગ્ય ઉત્તર આપી શક્યા ન હતા. જોકે વધુમાં બેંક લોકરમાં તપાસ એસીબીએ હાથ ધરી હતી. જેમાં શૈલેષભાઇના બેંક લોકરમાંથી ૮.૯૭ લાખ રોકડા મળી આવ્યા હતા. વધુમાં લોકરમાંથી ૬.૪૨ લાખના સોનાની બિસ્કીટ મળી આવ્યા હતા. આ પણ એસીબીએ કબ્જે કર્યા છે આ અંગે પણ શૈલેષભાઇને પુછતા તેમની પાસે તેના યોગ્ય ઉત્તર ન હતા.

ફરિયાદીએ હેન્ડબેગનું કન્ટેનર આયાત કર્યું હતું. આ કન્ટનરમાં કોઇ પણ પ્રકારની તપાસ ટાળવા અને માલ સરળતાથી ક્લીયર કરવા માટે લાંચની માંગણી કરાઇ હતી. આખરે ૧ લાખ લાંચ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદીને લાંચની રકમ આપવી ન હતી તેથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ આ અંગે ટ્રેપનું આયોજન કર્યું હતું અને રંગેહાથે તમામને પકડી પાડ્યા હતા. આ અંગે એસીબીએ ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

### બગ્ગીમાં આવ્યા અનંત-રાધિકા

# મુકેશ અંબાણીની ભાવુક સ્પીચે બનાવ્યો માહોલ

## કાર્યક્રમના સ્થળેથી અંબાણી પરિવાર અને અન્ય મહેમાનોની ખૂબ જ સુંદર તસવીરો બહાર આવી રહી છે

જામનગર, તા.૨

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેરેમની જેમ-જેમ આગળ વધી રહી છે તેમ તેમ લોકોને એ જાણવાની ઉત્સુકતા હશે કે આ પાર્ટી દરમિયાન શું થઈ રહ્યું છે. જામનગરમાં ૩ દિવસની પાર્ટીનો પ્રારંભ થયો છે. આ કાર્યક્રમમાં ભારત અને દુનિયાભરના બિઝનેસ, પોલિટિક્સ, એન્ટરટેઈનમેન્ટ અને સ્પોર્ટ્સ જગતના મોટા મોટા નામો ભાગ લઈ રહ્યા છે. અનંત અંબાણી અને તેમની થનારી પત્ની રાધિકા મર્ચન્ટ બગીમાં સવાર થઈને કાર્યક્રમના સ્થળે પહોંચી ગયા હતા. પાર્ટીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને ''અતિથિ દેવો ભવ'' પરંપરા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના સ્થળેથી અંબાણી પરિવાર અને અન્ય મહેમાનોની ખૂબ જ સુંદર તસવીરો બહાર આવી રહી છે.

મુકેશ અંબાણીએ સૌનું સ્વાગત કરતા કહ્યું કે, ''અમારા આદરણીય મિત્રો અને પરિવાર, તમને દરેકને નમસ્તે અને ગુડ ઈવનિંગ. ભારતીય પરંપરામાં, અમે મહેમાનોને આદરપૂર્વક મહેમાન કહીએ છીએ. 'અતિથિ દેવો ભવ'. એનો અર્થ એ થયો કે મહેમાનો ભગવાન જેવા હોય છે.

મુકેશ અંબાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ''જ્યારે મેં નમસ્તે કહ્યું હતું, ત્યારે તેનો અર્થ એ થયો કે મારામાં રહેલા ભગવાન તમારામાં રહેલા ભગવાનનો સ્વીકાર કરીને ખુશ છે.

તમે બધાંએ આ લગ્નનો મહિનો શુભ બનાવી દીધો છે. આભાર! તમારો ખૂબ ખૂબ આભાર! જામનગરના રિલાયન્સ ગ્રીન્સ સંકુલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ, માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, બોલીવૂડના સુપરસ્ટાર શાહરૂખ ખાન, દીપિકા પદુકોણ અને રણબીર કપૂર સહિત ૨૦૦૦ મહેમાનો ઉપસ્થિત રહેશે. અમેરિકન સિંગર જય બ્રાઉન અને લોકપ્રિય રેપર નિકી મિનાજના મ્યુઝિક ડાયરેક્ટર એડમ બ્લેકસ્ટોન પણ પ્રિ-વેડિંગ પાર્ટીમાં સામેલ થવા પહોંચ્યા હતા. આ ઉપરાંત પોપ સિંગર રેહાના પણ આ સેરેમનીમાં હાજરી આપતી જોવા મળી હતી. અંબાણીએ ઉમેર્યું હતું કે, ''અનંત અને રાધિકા તમારા આશીર્વાદથી આજીવન ભાગીદારીની સફર શરૂ કરી રહ્યા છે,

ત્યારે સૌભાગ્યનો બારમાસી પાક નીકળશે, જેની વિપુલતા ક્યારેય ઓછી નહીં થાય. આજે, મારા પિતા ધીરુભાઈ પણ સ્વર્ગમાંથી પુષ્કળ આશીર્વાદ આપી રહ્યા છે. મને ખાતરી છે કે તેઓ બમણા ખુશ છે કારણ કે અમે જામનગરમાં તેમના પ્રિય પૌત્ર અનંતના જીવનના આ ખુશી દિવસની ઉજવણી કરી રહ્યા છીએ. જામનગર મારા અને મારા પિતા માટે મારી કર્મભૂમિ (કાર્યસ્થળ) બની ગયું છે. આ એક એવું સ્થળ છે જ્યાં તેને પોતાનું મિશન, જુસ્સો અને હેતુ મળ્યો. જામનગર સંપૂર્ણપણે વેરાન ભૂમિ હતી, ત્રીસ વર્ષ પહેલાં રણ હતું. મુકેશ અંબાણીએ કહ્યું હતું કે તમે જે જોઈ રહ્યા છો તે ધીરુભાઈના સ્વપ્નની અનુભૂતિ છે.

રિલાયન્સના ઈતિહાસમાં જામનગર ટર્નિંગ પોઈન્ટ બની ગયું હતું. તે એક એવું સ્થળ છે જ્યાં અમે ભવિષ્યના વ્યવસાયો અને અનન્ય પરોપકારી પહેલ શરૂ કરીએ છીએ. મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે તેમના પરિવારનો એકમાત્ર હેતુ ભારતની સમૃદ્ધિ વધારવાનો અને તેના તમામ લોકોની સુખાકારીમાં ફાળો આપવાનો છે.

તેમણે પોતાના મહેમાનોને જણાવ્યું હતું કે, ''હું કહું છું કે જામનગર તમને એક નવા ભારતના ઉદયની ઝલક આપશે, જે જીવંત, આશાવાદી અને આત્મવિશ્વાસથી ભરપૂર છે.

### વિદેશમાં ભારતીય સ્ટુડન્ટ માટે પસંદગી બદલાઈ રહી છે

# કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં સ્ટુડન્ટ વિઝા મંજૂર થવાનો દર ઘટશે

## ભારતીયો હવે જર્મની, ફ્રાન્સ, આયર્લેન્ડ, દુબઈ, માલ્ટા, સ્પેન જેવા દેશ માટે પણ વિચારી શકે છે

નવી દિલ્હી, તા.૨

ભારતીય સ્ટુડન્ટ માટે સૌથી ફેવરિટ દેશો પૈકી કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં ચિત્ર ધીમે ધીમે બદલાઈ રહ્યું છે. આ બે દેશોમાં આગામી સમયમાં સ્ટુડન્ટ વિઝા મંજૂર થવાનો દર ઘટે અને વિઝા રિજેક્શનનો દર વધે તેવી શક્યતા છે. કેનેડા અને ઓસ્ટ્રેલિયા જે પ્રકારની નીતિ અપનાવી રહ્યા છે તેમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટની સંખ્યા પર મર્યાદા લાગુ થશે. ખાસ કરીને કેનેડાએ વિદેશી સ્ટુડન્ટની સંખ્યા પર લિમિટ મૂકી છે. તેના કારણે સંભવિત વિદ્યાર્થીઓ અહીં અરજી કરવાનું ટાળે છે. કેનેડાએ જે નિર્ણય લીધો તેની મોટી અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પડશે કારણ કે ભારતીય સ્ટુડન્ટ્સમાં કેનેડા એક ફેવરિટ દેશ છે.

અત્યાર સુધી કેનેડા ઓપન પોલિસી માટે જાણીતું હતું. પરંતુ હવે મકાનોની અછત અને વધતી મોંઘવારીના કારણે કેનેડાએ એક નેગેટિવ નિર્ણય લીધો છે. કેનેડા ઈમિગ્રેશન એન્ટ સિટિઝનશિપના અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૨૪માં સ્ટડી પરમિટમાં ૩૪ ટકા ઘટાડો શક્ય છે. તેના કારણે કદાચ કેનેડા ફોરેન એજ્યુકેશન માટે પસંદગીના દેશોના લિસ્ટમાંથી જ નીકળી જશે. આ કારણથી ઘણા ભારતીયો હવે જર્મની, ફ્રાન્સ, આયર્લેન્ડ, દુબઈ, માલ્ટા, સ્પેન, સિંગાપોર અને ન્યૂઝિલેન્ડ જવાનું પસંદ કરી શકે છે. તેમાં પણ જર્મની અને ફ્રાન્સે તો ભારતીય વિદ્યાર્થીઓને આકર્ષવા માટે સ્પેશિયલ જાહેરાતો પણ કરી છે. યુવાનો માત્ર વિદેશમાં એજ્યુકેશન નહીં પરંતુ પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટની શક્યતા, રહેવા-જમવાનો ખર્ચ અને હેલ્થકેર સિસ્ટમ પણ ધ્યાનમાં રાખે છે. ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીની વાત કરીએ તો અહીં એડમિશન માટે અરજીઓની સંખ્યા વધશે, પરંતુ રિજેક્શન રેશિયો પણ ઊંચો રહેશે. ઓસ્ટ્રેલિયામાં વિદેશી સ્ટુડન્ટ માટે વિઝા એપ્રૂવલ રેટમાં મોટો ઘટાડો થયો છે. છેલ્લા ૧૫ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં સ્ટુડન્ટ વિઝાની ૯૦ ટકા અરજીઓ એપ્રૂવ થઈ જતી હતી, પરંતુ હવે ૮૦ ટકા અરજી માંડ મંજૂર થાય છે. જ્યારે ૨૦ ટકા અરજી રિજેક્ટ કરી દેવાય છે. વોકેશનલ કોર્સમાં તો ૩૦ ટકા અરજીઓને નકારી કાઢવામાં આવે છે. ૨૦૨૨-૨૩ની સરખામણીમાં ઓસ્ટ્રેલિયામાં ૨૦૨૩-૨૪માં સ્ટુડન્ટ વિઝા મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦ હજાર ઘટી ગઈ હતી. કેનેડાએ જેવી રીતે હાઉસિંગના ઉંચા ભાવ સામે મોરચો માંડ્યો છે તેવી જ રીતે ઓસ્ટ્રેલિયાએ બનાવટી સ્ટુડન્ટ સામે લડાઈ આદરી છે. ઓસ્ટ્રેલિયાને જેન્યુઈન સ્ટુડન્ટની જરૂર છે જેઓ ખરેખર કંઈક શીખવા માટે આવ્યા હોય. ભણવાના નામે ઓસ્ટ્રેલિયામાં જોબ કરવા આવતા સ્ટુડન્ટની કોઈ જરૂર નથી. ઓસ્ટ્રેલિયામાં કુલ ૫.૧૦ લાખ માઈગ્રન્ટ એક વર્ષમાં આવ્યા હતા જેમાંથી ૨.૭૦ લાખ તો સ્ટુડન્ટ હતા. તેને કારણે ઓસ્ટ્રેલિયામાં પણ બધી ચીજો મોંઘી થઈ રહી છે.

કેનેડા કે ઓસ્ટ્રેલિયાની સ્ટુડન્ટ વિઝા અરજી રિજેક્ટ ન થાય તે માટે વિદ્યાર્થીઓએ કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. પહેલી વાત કે તેમની અરજી એકદમ પારદર્શન અને જેન્યુઈન હોવી જોઈએ. તમામ રેગ્યુલેશનનું પાલન કરો, તમારી પાસે પૂરતી નાણાકીય સ્થિતિ હોવી જરૂરી છે તે વાત સમજો. આ ઉપરાંત યુનિવર્સિટી અથવા વિઝા ઓથોરિટીને ક્યારેય ઉલ્લુ બનાવવાની કોશિશ ન કરો. આ ઉપરાંત તમે જર્મની, સ્પેન, યુકે, ફ્રાન્સ અથવા ન્યૂઝિલેન્ડ જેવા વિકલ્પો પણ અજમાવી શકો છે.

### શનિવારે શેરબજાર લાઈવ ટ્રેડિંગ સેશન માટે ખુલ્યું

# સ્પેશિયલ ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં જોરદાર ઊછાળો

## સ્પેશિયલ ટ્રેડિંગમાં સેન્સેક્સ ૬૧ પોઈન્ટ વધીને ૭૩૮૦૬, નિફ્ટી ૪૦ પોઈન્ટ વધીને ૨૨૩૭૮ના સ્તરે બંધ : એલએન્ડટી અને ટાટા સ્ટીલ ચમક્યાં

મુંબઈ, તા.૨

શનિવાર, ૨ માર્ચે શેરબજાર લાઈવ ટ્રેડિંગ સેશન માટે ખુલ્યું હતું. ટ્રેડિંગ દ્વારા, તે તપાસવામાં આવ્યું હતું કે શેરબજારની સિસ્ટમ કોઈપણ અનિચ્છનીય ઘટનાનો સામનો કરવા માટે કેટલી તૈયાર છે. ખાસ ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં ઉછાળો, એલએન્ડટી અને ટાટા સ્ટીલ ચમક્યાં, એમએન્ડએમ અને એનટીપીસી ઘટ્યાં શનિવારે સ્પેશિયલ ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં ખરીદીનું વાતાવરણ હતું અને નિફ્ટી ફરી એકવાર સર્વોચ્ચ સપાટીએ બંધ રહ્યો હતો. આજે નિફ્ટીએ ૨૨૪૬૨ ની ઊંચી સપાટી બનાવી છે, જ્યારે સેન્સેક્સે ૭૪૨૨૦ ની ઊંચી સપાટી બનાવી છે. સેન્સેક્સ અને નિફ્ટીની આજની શરૂઆત તેની ઊંચી સપાટી હતી. આજે બે ભાગમાં યોજાયેલા સ્પેશિયલ ટ્રેડિંગમાં સેન્સેક્સ ૬૧ પોઈન્ટ વધીને ૭૩૮૦૬ અને નિફ્ટી ૪૦ પોઈન્ટ વધીને ૨૨૩૭૮ના સ્તરે બંધ થયા છે.મેટલ, ફાર્મા, બેંકિંગ, ઓટો, આઈટી, એફએમસીજી, ફાઈનાન્શિયલ સર્વિસિસ તમામ ઈન્ડેક્સ આજે લીલા નિશાનમાં રહ્યા હતા. સાધારણ હોય તો પણ દરેક સેક્ટરમાં ખરીદી જોવા મળી હતી.

આજના બજારમાં ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, એલએન્ડટી, હીરો મોટો કોર્પ, અદાણી પોર્ટ જેવા શેરોમાં ઘણો ઉછાળો જોવા મળ્યો હતો. ટાટા સ્ટીલ ૩.૫૦ ટકા વધ્યો. મેટલ શેરોમાં શુક્રવારના ઉછાળા બાદ આજના ટ્રેડિંગ સેશનમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો.

જો કે આજના બજારમાં કેટલાક શેર એવા હતા જે લાલ નિશાનમાં બંધ થયા હતા. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, સન ફાર્મા જેવા શેરોમાં થોડી નબળાઈ જોવા મળી હતી. શનિવાર, ૨ માર્ચે શેરબજાર લાઈવ ટ્રેડિંગ સેશન માટે ખુલ્યું હતું. શેરબજારમાં ટ્રેડિંગ દ્વારા, તે તપાસવામાં આવ્યું હતું કે અમારી શેરબજાર સિસ્ટમ કોઈપણ અનિચ્છનીય ઘટનાનો સામનો કરવા માટે કેટલી તૈયાર છે. સ્ટોક એક્સચેન્જો અને ડિપોઝિટરીઝ આપત્તિ પુનઃપ્રાપ્તિ સાઈટ્સમાંથી ઈન્ટ્રાડે સ્વિચ ઓવરની તૈયારીમાં વ્યવસાય સાતત્ય યોજનાઓ અને આપત્તિ પુનઃપ્રાપ્તિ સાઇટ્સ જેવા માળખાનો અમલ કરી રહ્યા છે.

કોઈપણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા માટે પરીક્ષણની ચકાસણી કરવા માટે શનિવારે શેરબજારના વિશેષ ટ્રેડિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શેરબજારમાં શનિવારે બે સેશનમાં ટ્રેડિંગ થયું હતું. પ્રથમ સત્રમાં લાઈવ ટ્રેડિંગ સવારે ૯:૧૫ થી સવારે ૧૦:૦૦ સુધી થયું હતું. આ સત્ર માટે પ્રી-ઓપન સમય ૯:૦૦ થી ૯:૦૮ સુધીનો હતો. શેરબજારનું બીજું ટ્રેડિંગ સત્ર ડિઝાસ્ટર રિકવરી સાઈટના સ્વિચ ઓવર પર આધારિત હતું જે સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી યોજાયું હતું. શનિવારના સ્પેશિયલ ટ્રેડિંગ સેશનમાં ઈન્ટ્રાડે ટ્રેડિંગ થયું ન હતું. તેનું કારણ એ છે કે ઓછા ટ્રેડિંગ વોલ્યુમને કારણે શેરબજારમાં ઈન્ટ્રાડે ટ્રેડિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

### કાચી કેરીની ૨ ક્વિન્ટલ આવક નોંધાઈ હતી

# ૫ દિવસના વિરામ બાદ જૂનાગઢમાં માર્કેટ યાર્ડમાં કાચી કેરીની આવક

## એક મણ કાચી કેરીનો ઊંચો ભાવ ૫,૦૦૦ રૂપિયા નોંધાયો હતો, જ્યારે નીચો ભાવ ૨,૫૦૦ રૂપિયા નોંધાયો હતો

જૂનાગઢ, તા.૨

છેલ્લા પાંચ દિવસથી જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કાચી કેરીની આવક બંધ થઈ ગઈ હતી. આજે ફરીથી થોડા દિવસોના વિરામ બાદ બે ક્વિન્ટલ કેરીની આવક નોંધાઈ હતી. એક મણ કાચી કેરીનો ઊંચો ભાવ ૫,૦૦૦ રૂપિયા નોંધાયો હતો, જ્યારે નીચો ભાવ ૨,૫૦૦ રૂપિયા નોંધાયો હતો. કાચી કેરી સ્વાદે તો ખાટી હોય છે, પરંતુ હાલમાં તેનો ભાવ પણ ખાટો જોવા મળી રહ્યો છે. એક મણના ૫,૦૦૦ રૂપિયા ભાવ ચાલી રહ્યો છે. એટલે એક કિલોના ૨૫૦ રૂપિયા થયા. આજ કેરીનો ભાવ બજારમાં ૪૦૦ રૂપિયા સુધીના બોલાઈ રહ્યા છે. કારણ કે, સારી અને ગુણવત્તા યુક્ત કેરી જ્યારે લોકો ખરીદવા નીકળે ત્યારે તેમને સારા એવા કિંમત પણ ચૂકવવી પડે છે.

હાલમાં નાની સાઈઝની અને ખાખડીની કિંમત ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી બોલાઈ રહી છે. આ વખતે કેરીની આવક મોડી નોંધાઈ છે અને કેરીનો પાક પણ દર વર્ષ કરતાં ઓછો નોંધાયો છે. એટલે આ વર્ષે કેરીનો ભાવ પણ ઊંચો રહેવાની શક્યતા છે.

કારણ કે, જે રીતે હાલમાં કેરીની આવક દર વર્ષે નોંધાતી હોય છે, તે પ્રકારની કોઈપણ આવક અત્યારે હાલમાં બજારમાં જોવા મળી રહી નથી. હાલ હાફૂસ કેરીની આવક થઈ રહી છે, પરંતુ હજી કેસર કેરીની આવક તો હજુ બાકી છે અને હાલમાં જોવા જઈએ, તો આંબામાં પણ ક્યાંક ને ક્યાંક તાપમાનની ખરાબ અસરને લીધે પ્રતિકૂળતા જોવા મળી રહી છે અને પાક યોગ્ય રીતે જોવા મળતો નથી એટલે ખેડૂતો પણ હાલ આ પરિસ્થિતિને લીધે ચિંતામાં જોવા મળી રહ્યા છે.

# કેડિલા સીએમડી રાજીવ મોદીને ક્લીન ચીટનો ૭૫૦ પાનાંનો રિપોર્ટ કોર્ટમાં રજુ

## આ કેસની સુનાવણી આગામી ૧૬મી માર્ચના રોજ થશે

અમદાવાદ, તા.૨

ગુજરાતની જાણીતી ફર્મા કંપની કેડિલાના સીએમડી રાજીવ મોદી દુષ્કર્મ કેસમાં પોલીસે તપાસ કરી ૭૫૦ પાનાનો સમરી રિપોર્ટ કોર્ટમાં રજૂ કરી ક્લીન ચીટ આપી છે.

ત્યારે આ કેસની આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં મુદત હોવાથી યુવતી કોર્ટમાં એડવોકેટ સાથે હાજર થઈ હતી અને સમરી રિપોર્ટની નકલ આપવા માટે લેખિતમાં અરજી કરી હતી. જેમાં કોર્ટે સમરી રિપોર્ટની નકલ આપવા પોલીસને હુકમ કરીને આ કેસની સુનાવણી આગામી ૧૬મી માર્ચના રોજ સુનાવણી માટે રાખી છે.

ગુજરાતની જાણીતી ફર્મા કંપની કેડિલાના સીએમડી રાજીવ મોદી વિરૂધ્ધ ખુદ તેમની પર્સનલ આસીસ્ટન્ટ તરીકે કામ કરતી મૂળ બલ્ગેરિયાની યુવતીએ જાતીય સતામણી સહિતની ગંભીર કલમો હેઠળ ફરિયાદ કરી હતી. જેમાં પોલીસ દ્વારા માત્ર કાગળ ઉપર તપાસ કરીને પુરાવા નહીં હોવાનો ઉલ્લેખ કરીને કોર્ટમાં ૭૫૦ પાનાની સમરી રિપોર્ટ રજૂ કર્યો હતો.

જે કેસની આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં હાથ ધરેલી કાર્યવાહી દરમ્યાન મૂળ બલ્ગેરિયાની યુવતીના એડવોકેટ રાજેશ મિશ્રાા સાથે હાજર થઈ હતી અને કોર્ટને લેખિત અરજી આપીને જણાવ્યુ હતુ કે, અમે ફરિયાદી છે અને અમોએ કરેલી ફરિયાદમાં પોલીસ દ્વારા સમરી રિપોર્ટ ભરેલ છે તેની નકલ આપવા વિનંતી છે. ત્યારે કોર્ટ પાસે બીજી નકલ નહીં હોવાથી સર્ટીફાઈડ નકલ લેવા માટે કહ્યુ હતું. જો કે, ફરિયાદીના એડવોકેટએ કોર્ટને જણાવ્યુ હતુ કે,

કાયદાકીય જોગવાઈ મુજબ પોલીસ દ્વારા મને નકલ પુરી પાડવી જોઈએ. જેથી મારી ફરિયાદ બાબતે જે કંઈ પણ કહેવુ હોય તે કોર્ટ સમક્ષ રજૂ કરી શકુ અને પોલીસ દ્વારા તપાસમાં કરેલી ભૂલો ઉજાગર કરી શકુ. આ પછી ફરિયાદીના એડવોકેટએ કોર્ટને લેખિત અરજી આપીને જણાવ્યુ હતુ કે,૭૦૦થી વધુ પાનાની નકલ બે દિવસમાં પુરી પાડવામાં આવે તો અમે સમરી રિપોર્ટ અંગે રજૂઆત કરી શકીશુ. આ અંગે તપાસનીશ અધિકારીને પણ નિર્દેશ આપવો જોઈએ કે, તાકીદે સમરી રિપોર્ટની નકલ પુરી પાડે. ત્યારબાદ કોર્ટે પોલીસને તાકીદે નકલ આપવા આદેશ કર્યો છે.

# રજનીકાંતની સાદગી આગળ ભલભલા એક્ટર પાછા પડે

મુંબઈ, તા.૨

રજનીકાંતનો એક વિડીયો હાલમાં વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વિડીયોમાં તમે રજનીકાંતની સાદગી જોઈને છક થઈ જશો. રજનીકાંતનો આ લેટેસ્ટ વિડીયો જોઈને ફેન્સ વખાણ કરી રહ્યા છે. રજનીકાંત દુનિયા ભરમાં ફિલ્મો સિવાય પોતાના શાંત અને સાદગીના સ્વભાવને કારણે પોપ્યુલર છે. સુપર સ્ટારની કોઈ પણ ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં લોકોની વચ્ચે જબરજસ્ત ક્રેઝ જોવા મળતો હોય છે. હંમેશાની જેમ આ વખતે પણ રજનીકાંતની સાદગી જોવા મળી છે. રજનીકાંતની સાદગી જોઈને તમે પણ ખુશ થઈ જશો અને સલામ ભરશો. સોશિયલ મિડીયામાં લોકો રજનીકાંતના ખૂબ વખાણ કરી રહ્યા છે. વાત જાણે એમ છે કે રજનીકાંતે ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરીને લોકોનું દિલ જીતી લીધુ છે. ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરતા રજનીકાંતને જોતા ફલાઈટમાં બેઠેલા લોકો ખુશ થઈ ગયા અને એક્ટર સાથે ફોટો ક્લિક કરવા લાગ્યા. આ સમયે લોકોએ એક્ટરની સાથે વાતચીત પણ કરી. આ સાથે કેટલાક યુઝર્સે વિડીયો બનાવીને એમની પર્સનાલિટીના વખાણ પણ કર્યા છે. રજનીકાંતના આ વિડીયોએ લોકોનું દિલ જીતી લીધુ છે.

### આ નિર્ણયથી બધાને ચોંકાવી દીધા

# ગૌતમ ગંભીરે રાજકારણથી દૂર થવાનો નિર્ણય લીધો

## ગૌતમ ગંભીર માર્ચ ૨૦૧૯માં ભાજપમાં સામેલ થયો હતો, ગૌતમ ગંભીર પૂર્વ દિલ્હી લોકસભા સીટથી બીજેપીના સાંસદ છે

નવી દિલ્હી, તા.૨

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા ભારતીય જનતા પાર્ટીના સાંસદ ગૌતમ ગંભીરે એક મોટો નિર્ણય લઈને બધાને ચોંકાવી દીધા છે. ગૌતમ ગંભીરે રાજકારણથી દૂર થવાનો નિર્ણય લીધો છે. તેણે કહ્યું કે તે ક્રિકેટને કારણે પોતાની રાજકીય જવાબદારીઓમાંથી મુક્ત થવા માંગે છે. તેમણે પાર્ટી પ્રમુખને ફરજમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે. તેમણે પીએમ મોદી અને અમિત શાહનો પણ આભાર માન્યો હતો. ગૌતમ ગંભીર માર્ચ ૨૦૧૯માં ભાજપમાં સામેલ થયો હતો. ગૌતમ ગંભીર પૂર્વ દિલ્હી લોકસભા સીટથી બીજેપની સાંસદ છે. તે ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં જીતીને સંસદમાં પહોંચ્યો હતો. તે ૬.૯૫,૧૦૯ વોટના અંતરથી જીત્યો હતો. ગૌતમ ગંભીર વર્ષ ૨૦૧૧માં વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાનો ભાગ રહી ચૂક્યો છે. આટલું જ નહીં, તેણે ૨૦૧૧ વર્લ્ડ કપમાં પોતાની બેટિંગથી મોટું યોગદાન આપ્યું હતું.ગૌતમ ગંભીરે ૧૪૭ ODI ક્રિકેટ રમી છે, જેમાં તેણે ૫૨૩૮ રન બનાવ્યા છે, જેમાં ૧૧ સદી અને ૩૪ અડધી સદી સામેલ છે. ગત વખતે ગૌતમ ગંભીર લખનૌ સુપર જાયન્ટ્સનો મેન્ટર હતો, પરંતુ આ વર્ષે તે KKR સાથે જોડાયો છે. લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે રાજકીય પક્ષો અને તેમના નેતાઓને જાતિ, ધર્મ અને ભાષાના આધારે વોટ માંગવાથી દૂર રહેવા જણાવ્યું હતું. ઉપરાંત, તેણે ભક્ત અને ભગવાન વચ્ચેના સંબંધની મજાક ન કરવા પણ જણાવ્યું. રાજકીય પક્ષોને જારી કરાયેલ એડવાઈઝરીમાં પંચે કહ્યું કે નૈતિક ઠપકો આપવાને બદલે આચારસંહિતાનું ઉલ્લંઘન કરનારા ઉમેદવારો અને સ્ટાર પ્રચારકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું કે મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા અન્ય કોઈ પૂજા સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન કરવો જોઈએ. લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા લાગુ થવાના થોડા દિવસો પહેલા આ એડવાઈઝરી જારી કરવામાં આવી છે.

### શહેરને રળિયામણું બનાવવાનાં ધ્યેય સાથે કામગીરી શરૂ

# સાવરકુંડલા શહેરમાં રૂપિયા ૭.૫૦ કરોડનાં ખર્ચે પાલિકા દ્વારા માર્ગો બનાવાશે

### શહેરની શોભા વધારવાનો ઉત્તમ પ્રયાસ



સાવરકુંડલા, તા. ૨

શહેર નવીકરણ અને આધુનિકતા તરફ આગળ જવાના પ્રયેય સાથે સાવરકુંડલા પાલિકાના આઉટડોર વિસ્તારોના ૬૫ થી ૭૦ જેટલા માર્ગો ૭ કરોડ ૫૦ લાખના ખર્ચે સી.સી. અને પેવિંગ બ્લોક રોગથી મઢાઈ જવાના લક્ષ સાથે ધારાસભ્ય મહેશ કસવાળા ના વરદહસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું પાલિકાના દરેક વોર્ડમાં રોડ રસ્તાઓની સમસ્યા સામે હંમેશા

અનુસંધાન પાના ૬ ઉપર

### એક મહિલાની છેડતી પ્રકરણને લઈને માથાકુટ થઈ'તી

# વીજપડીમાં ૩૫ વર્ષ પહેલાની ઘટનાને લઈને વૃધ્ધ ખેડુત ઉપર હુમલો થયો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી તા. ૨

મહુવા તાલુકાના મોદા ગામે રહેતા આરોપી પ્રવિણભાઈ કનુભાઈ સોરઠીયાની બેન સાથે આજથી આશરે ૩૫-૪૦ વર્ષ પહેલા કોઈએ બળ જબરી કરી છેડતી કરેલ હોય, જે બાબતની આરોપી પ્રવિણભાઈ સોરઠીયાને તે જ ગામે રહેતા શંભુભાઈ દુર્લભભાઈ સતાણી નામનાં ૬૮ વર્ષિય વૃધ્ધ ખેડૂત ઉપર શંકા હોય, જે જુની



અદાવતના કારણે ગત તા.૨૯ના રોજ બપોરના ૩/૩૦ વાગ્યાના સમય દરમિયાન વિજપડી ગામે બસ સ્ટેન્ડ પાસે અન્નપુણા હોટલની બાજુમાં આરોપીએ વૃધ્ધને બડીયા વડે વાસાના ભાગે બડીયો મારતા, બડીયો તુટી જતા આરોપીને વૃધ્ધ ખેડૂતને મારી નાખવાના ઈરાદે છરી વડે ગળાના ભાગે એક જીવલેણ ઘા મારી ગંભીર ઈજા કર્યાની ફરિયાદ નોંધાવી છે.

### તાલુકા કોંગ્રેસનાં અગ્રણીઓ અને ખેડૂતોએ પ્રાંત અધિકારીને

# સાવરકુંડલાનાં મોટા જીંજુડા ગામે ગેરકાયદેસર રીતે ધમધમતો સોલાર પ્લાન્ટ બંધ કરાવવા આવેદનપત્ર પાઠવ્યું

### આગામી દિવસોમાં આંદોલન કરવા અને હાઈકોર્ટમાં જવાની પણ ચીમકી અપાઈ



**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ અગ્રણી, ખેડૂત આગેવાનો, ખેડૂત સંગઠનોએ પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવામાં આવેલ છે. જેમાં સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામે ABRel SPV 2 Limited કંપનીનો સોલાર પ્લાન્ટ બીનખેતી થયા વગર ગેરકાયદેસર રીતે ચાલતો હોય અને સરકારી જમીનમાં પણ દબાણ કરી સોલારની પેનલ ગેરકાયદેસર રીતે ઉભી કરી દેવામાં આવી હોય છતાં પણ કંપની સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. ભુતકાળમાં ઉપરોકત કંપની સામે યોગ્ય તપાસ થાય અને કાર્યવાહી થાય એ બાબતે તમામ સ્તરે રજુઆત કરવામાં આવી હોવા છતાં પણ હજુ સુધી કંપની સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામા આવી નથી. પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓએ ગેરકાયદેસર ચાલતી કંપનીના સ્થળે રૂબરૂ મુલાકાત કરી હોવા છતાં તેમજ અરજદારો, ખેડુતો તેમજ રાજકીય અગ્રણીઓ ધ્વારા ગેરકાયદેસર રીતે ચાલતી કંપની વિરૂધ્ધ કાર્યવાહી કરી કંપનીને બંધ કરવા રૂબરૂ રજુઆત કરવામાં આવી હોવા છતાં આજ દિન સુધીમાં આ પ્રાંત ઓફિસ ધ્વારા આ ગેરકાયદેસર ચાલતી સોલાર કંપની વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને કંપનીને ફાયદો પહોંચે એ રીતે હજુ જે સર્વે નંબરનું બિનખેતી બાકી છે તેનું તાત્કાલિક બિનખેતી કેમ થઈ જાય અને કંપનીને કઈ રીતે ફાયદો પહોંચે એવા પ્રયત્નો કરવામાં આવે છે આ કેટલા અંશે વ્યાજબી છે. સોલાર કંપની ધ્વારા બિનખેતીની મંજુરી મેળવ્યા વગર ગેરકાયદેસર રીતે જે સોલાર પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. બિનખેતીની મંજુરી ન મળેલ હોય એવા સર્વે નંબરના ૭ નંબર અને બિનખેતી થયેલ ન હોવા છતાં સોલાર પેનલ ફીટ કરવામાં આવી છે તેના ફોટોગ્રાફ પણ આ સાથે જોડેલ છે. આપ દ્વારા દિન-૩ માં આ ગેરકાયદેસર રીતે શરતભંગ કરી ચાલતી સોલાર કંપનીને બંધ કરવામાં આવે એવી રજૂઆત કરવામાં આવેલ હતી. જેમાં સાવરકુંડલાનાં કોંગી અગ્રણી તેમજ પૂર્વ ચેરમેન જીલ્લા પંચાયત અમરેલી ભરતભાઈ ગીડા તેમજ ખેડૂત સંગઠન તથા સાવરકુંડલા શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ (કનુભાઈ) ડોડીયા, જીલ્લા કોંગ્રેસ સેવાદળ પ્રમુખ, અનિભાઈ ધામેલીયા, કોંગ્રેસ પક્ષના વિપક્ષ નેતા તાલુકા પંચાયત સાવરકુંડલા જસુભાઈ ખુમાણ, વિનુભાઈ ગુંદરણીયા, જયદીપભાઈ ખુમાણ, સરપંચ જાબાળ, શિવરાજભાઈ ખુમાણ,

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)